# સહજ-સત્સંગ

Year : 3 Issue : 25 Dt. 01-02-2015 Page - 52 માસિક



સહગાન



## મા મીરાંબિકા

The Divine is what you expect of Him:
All the knowledge, power, love and all the new splendours is He.
He is the perfection. Every being carries with him the
Divine Inhabitant. None is as Divine as man.

- The Mother

## જીવનનું ધ્યેય

જેવા પ્રભુ જાણો તમો, તેવા તે બની જાય,
જ્ઞાન, શક્તિ, પ્રેમ ને નવ સંપદા, બધાંની પૂર્ણતા એ વર્તાય.
હર હૃદયે એ બિરાજતા, પણ ભૂલી ગયાં સર્વદા,
માનવ દિવ્યતાનું રૂપ છે, પણ અપ્રગટ પરમાત્મા રહ્યાં.
તેને પ્રગટાવવા જીવને, એ સાર્થક જીવન ગણે,
એ સાર્થકતા મેળવવા જ અહિ, આવ્યા ધરતી પર આપણે.

## પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

# માતાજીની ભૂમિકા

(તા.(૧૨-૨૨)-૧૨-૧૯૧૪. પૃ.૨૦૫-૨૦૬)



એ આંતર સ્વરૂપ..... શુદ્ધ દર્પણની માફક તારું પ્રતિબિંબ પાડે છે અને તારો અવિચળ આનંદ, એક પ્રગતિની પ્રેરકશક્તિ દ્વારા વ્યક્ત થાય છે. (૧૨-૧૨-૧૪)

પ્રભુ મેં પોતાની જાતને મૂંગી કરી દીધી હતી તેને હવે પછી પ્રવૃત્તિમાં મૂકવા તારી સંકલ્પશક્તિનું જ્ઞાન આપ.

તારા શાશ્વત પ્રકાશનાં કિરણને વિકૃત થયા વગર મારામાંથી પસાર થવા દઉં. હવે મનને જગાડી સત્ય વિષે સભાન બનવાનું તે કહ્યું છે. તે સત્યના સૂર્યને આવિર્ભાવ કરવાં પોતાની અંદર બોલાવી રહ્યું છે. તેથી તેનામાં આવિર્ભાવ માટેની જેટલી કાંઈ શક્યતાઓ છે તેમની સંપૂર્ણ વિપુલતાને તે ધારણ કરી શકશે.

તારી સંકલ્પશક્તિ નાની વિગત ઉપર તેમજ આખીએ વસ્તુ ઉપર એક ચોક્કસ સ્પષ્ટ અને નિશ્ચિયાત્મક રીતે કામ કરતી થાય. (૨૨-૧૨-૧૪)

# અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ | શીર્ષક | પૃષ્ઠ |
|---|---|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** | | **યોગ પર દીપ્તિઓ** | |
| (મનોરચનાઓ પ્રગતિ માટે, બંધન માટે નહિ) | ૩ | (નવજન્મ) | ૩૫ |
| **પ્રાર્થના છે, અંતરનો પોકાર** | ૬ | **સાંજના વાર્તાલાપો** (શાંત - ચેતના) | ૩૮ |
| **દિવ્યજીવન** (પરમ ચેતનાનું અસ્તિવ) | ૯ | **વેદવિજ્ઞાન** (ગૌણ દેવતાઓ) | ૪૦ |
| માતૃવાણી | | **ધ મધર્સ એજન્ડા** | |
| (ભાગવત-દૃષ્ટિથી જગત વિષેની સમજણ - ૨) | ૧૨ | (કોષોનાં પોતાનાં અનુભવો) | ૪૨ |
| સાવિત્રી (શારીરિક-મનના પ્રત્યાઘાતો) | ૧૬ | **યોગનાં મૂળતત્ત્વો** (કેટલાક સ્પટીકરણો) | ૪૪ |
| યોગ વિષે પત્રો (પ્રાણમય મન અને ચિત્ત) | ૨૦ | **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો** | |
| ઉપનિષદો (અતિમનસની આવશ્યકતા) | ૨૪ | (પરમાનંદનો વિકાસ (૯૩) | ૪૬ |
| વેદ-રહસ્ય (વરુણનું સ્વરૂપ) | ૨૮ | **જાતક કથાઓ** (સ્વામીભક્ત સેનાપતિ) | ૪૭ |
| શ્રી અરવિન્દ : પોતા વિષે | | જન્મદિન - દર્શનદિન | ૪૮ |
| (શિષ્ય તરીકે સ્વીકારવાની શરતો) | ૩૨ | કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર | |



**મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું**
**શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક**

**સહજ-સત્સંગ**

**અંક : ૨૫ વર્ષ : ૩**
**ફેબ્રુઆરી - ૨૦૧૫**

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**

**: સહજ સત્સંગ કાર્યાલય :**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા મો. ૯૮૨૪૩ ૭૩૯૨૯**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

**અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ - રાહતને પાત્ર છે.**
**એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો રાજકોટમાં જ ચૂકવાય તેવો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.**
કૃપયા મનીઓર્ડર નહિં પરંતુ રાજકોટમાં વસૂલ થાય તેવાં ચેક, ડ્રાફ્ટ,
**'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ - રાજકોટ'**ના નામે રાજકોટમાં જ ચૂકવાય તેવો મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.



(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં મૂળ લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના તેમજ એજેંડા પરના મૂળ લખાણો મીરાં અદિતિ સેન્ટર - મૈસુરના કોપીરાઈટ છે.

# મનોરચનાઓ પ્રગતિ માટે, બંધન માટે નહિ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

માતાજી પ્રભુને પૂર્ણ સમર્પિત થઈને આંતરિક એકાગ્રતામાં ઊતરી ગયાં હતાં. પરંતુ પ્રભુનો તેમનું કાર્ય કરવાનો આદેશ થતાં જ તેમણે પોતાને સક્રિય કરવા પ્રભુને પ્રાર્થના કરી. પ્રભુનાં આયોજનની તેમને ઝાંખી કરાવવા તેઓ પ્રભુને પ્રાર્થી રહ્યાં હતાં.

માતાજીને પોતામાં વિરોધાભાસી વલણો દેખાતાં તેમણે સક્રિય જીવનમાંથી નિવૃત્તિ સ્વીકારી હતી. પોતે કર્તાભાવને ત્યાગીને ચેતનાને જ પોતાની મેળે કાર્ય કરવાં દેતાં હતાં. કોઈ અનુભૂતિમાં અટવાતા નહોતા. ફક્ત પ્રભુના પ્રકાશને પોતામાં ધારણ કરવો અને તે જે રીતે પ્રગટ થવાં માગતો હોય તે રીતે તેને પ્રગટ થવા દેવો એવી ભૂમિકા માતાજીએ સ્વીકારેલી હતી. માતાજીએ પોતાની સંકલ્પ શક્તિને જાણે સ્થગિત કરી પ્રભુમાં એકાગ્ર કરી રાખી હતી.

પણ પ્રભુનો આદેશ હતો કે માતાજીની બુદ્ધિએ જ્ઞાન વિષે સભાન બનવું જોઈએ, તેથી માતાજીએ પોતાની પ્રાર્થનાનું સ્વરૂપ બદલીને સત્યને પોતામાં આવિર્ભાવ થવા વિનંતી કરી (આયાહિં સત્યં આવિર્ભાવ..... આવિર્ભાવ..... વેદ)

માતાજીનો અંદાજ હતો કે તેથી તેમની બુદ્ધિ સત્યની વિવિધ અભિવ્યક્તિઓને એક સામટી વિપુલતાથી ધારણ કરી રાખશે જેથી પ્રભુનો સંકલ્પ તે બધાં ઉપર પોતે કાર્ય કરી શકે..... સમગ્રતાથી અને વ્યક્તિશઃ

માતાજીની ભૂમિકા એવી છે કે રૂપાંતરની પ્રક્રિયાને મનની કલ્પના પ્રમાણે ન ગોઠવતા તે પોતાની રીતે ગેઠવાતી જાય તો તેનો પરિણામ સમગ્ર, પૂર્ણ અને સ્થાયી સ્વરૂપનો આવશે. મનનું જ્ઞાન તે માટે અધૂરૂં પૂરવાર થાય છે.

કોષોની સાધનામાં પણ માતાજી આ ભૂમિકાથી જ વર્ત્યા હતા.

# પ્રાર્થના છે, અંતરનો પોકાર

- જ્યોતિબેન થાનકી

તો પછી આપણાં શાસ્ત્રોમાં ઘણી બધી સ્તુતિ, સ્તવનો, ઋષિઓએ વેદોમાં કરેલી પ્રાર્થનાઓ, પરમતત્ત્વના રહસ્યને પામવા માટે ઉપનિષદોમાં આપેલી પ્રાર્થનાઓ છે. આ બધી શી રીતે મદદરૂપ બને ? આ બધામાં મુખ્ય છે ભાવ અને ઉત્કટતા. આપણાં શાસ્ત્રો વેદ - ઉપનિષદ, શ્રીમદ્ ભાગવત રામાયણ, મહાભારત વગેરેમાં અનેક સ્તુતિ સ્તવનો આપેલાં છે. એ ઉપરાંત સંતો, મહંતો, ભક્તોએ પણ પ્રાર્થના રૂપે અનેક સ્તુતિ કાવ્યો આપ્યાં છે. આ બધાંની ઉપયોગિતા છે જ. આ સ્તુતિ સ્તોત્રો આજે પણ ભગવાન સાથે જોડાણ કરાવી આપવાની શક્તિ ધરાવે છે. પણ એમાં એવો ઉત્કટ ભાવ ભળવો જોઈએ. સ્તોત્રના રચયિતાની જે આંતરિક સ્થિતિ હતી, તેવી સ્થિતિ સ્તોત્ર પાઠ કરનાર જો અનુભવે તો એ સ્તોત્ર દ્વારા તેને રચયિતાએ કરેલી અનુભૂતિનો સાક્ષાત્કાર જરૂર થાય. પણ આપણે રાજેરોજ સર્વોત્તમ સ્તોત્ર, કે કૃષ્ણાષ્ટકમ્ કે શિવમહિમ્ન સ્તોત્ર કે રામરક્ષા સ્તોત્રનો પાઠ કરીએ છીએ, આ પણ એક જાતની પ્રાર્થના જ છે, તેમ છતાં આપણને કોઈ અનુભૂતિ થતી નથી. એની પાછળનું કારણ એ જ છે કે આપણે આપણાં મનને મનાવવા માટે નિત્યક્રમ પ્રમાણે યંત્રવત પાઠ કરી લઈને સંતોષ માની લઈએ છીએ કે આપણે ભગવાનની સ્તુતિ કરી લીધી. પણ એ સમયે ખરેખર આપણાં હૃદયમાંથી ભગવાન પ્રત્યે કંઈ નિવેદન થતું હોય એવું તો હોતું જ નથી. તો પછી એનો પ્રત્યુત્તર કેવી રીતે મળે ? પણ એમ છતાં ય આ નિત્યક્રમ ભલે યાંત્રિક તો યાંત્રિક પણ નિયમિત જળવાતો હોય તો એટલો વખત પણ મન ઉપર ભગવાનના અદૃશ્ય સંસ્કારો પડે જ છે.અને કોઈ દિવસ તો આ સ્તુતિ સ્તોત્રોમાં ભાવ જાગવાની પૂરી શક્યતા રહે છે. એટલે કાંઈ ન કરવું, એના કરતાં આ સ્તુતિ પાઠ

કરવાં, અને એ દ્વારા ભગવાનને યાદ કરવાં એ પણ ભગવાન તરફનો દરવાજો ક્યારેક ખોલી દઈ શકે છે. આથી એ પણ જરૂરી છે. ભગવાન તરફનું કોઈપણ નિવેદન ચાહે યંત્રવત્ થતું હોય કે ચાહે ફરજિયાત કે બળજબરીથી કરવું પડતું હોય તો પણ એ કલ્યાણકારી જ બની રહે છે.

**પ્રાર્થના ક્યારે કરવી ?**

આમ તો જ્યારે દુઃખ પડે કે વિપત્તિથી મનુષ્ય ઘેરાઈ જાય ત્યારે પ્રાર્થના આપોઆપ થઈ જાય છે. ત્યારે સમય કે સ્થળનું પણ ભાન રહેતું નથી. એટલે મનુષ્ય ગમે ત્યારે ભગવાનને પોકારી શકે છે, ભગવાને એના માટે કોઈ નિશ્ચિત સમય બાંધી આપ્યો નથી કે ''આ જ સમયે અને આ જ સ્થળે જો તું બોલાવીશ તો જ હું આવીશ.'' એવું તો ભગવાન કોઈને ક્યારેય કહેતા નથી. ઉલટાનું તેમણે તો એમ કહ્યું છે કે ''સાચા ભાવથી જે કોઈ મને બોલાવે છે, તેની પાસે હું અવશ્ય જાઉં છું.'' પ્રાર્થના એ તો ભગવાન સાથેની આપણી વાતચીત છે અને તે તો ગમે ત્યારે થઈ શકે છે. એને માટે કોઈ નિશ્ચત સમયની જરૂર નથી. હરતાં - ફરતાં, કામ -કરતાં, ખાતા - પીતાં, ગમે ત્યારે ભગવાનને યાદ કરી શકાય છે. એટલું જ નહીં પણ એમની સહાય પણ પ્રાપ્ત કરી શકાય છે. પણ એક વખત એમની સાથેનું આંતરિક જોડાણ થઈ જવું જોઈએ. એ જોડાણ કરવા માટે શરૂઆતમાં નિશ્ચિત સમય ફાળવવો જરૂરી બને છે. કેમકે મન ચંચળ છે, એ બહિર્મુખ હોઈને તેને સ્વૈરવિહાર કરવો હોય છે. પ્રાર્થનામાં તે એકાગ્ર બનતું નથી. તે છટપટવા લાગે છે. એટલે આ ચંચળ મનને સ્થિર કરવા માટે પ્રારંભમાં નિશ્ચિત સમય ફાળવવો જરૂરી બને છે. એ સમયે મન ગમે તેટલું છટપટ કરે કે કૂદાકૂદ કરે તો પણ તેનાં તરફ ધ્યાન આપ્યાં વગર ભગવાનને પ્રાર્થના કરતા રહેવી જરૂરી છે. ધીમે-ધીમે મન સમજી જાય છે કે હવે અહીં મારું કંઈ ચાલવાનું નથી અને પછી એકાગ્ર થવાં લાગે છે. પછી તો મનને એવી ટેવ પડી જાય છે. એટલે એ નિશ્ચિત સમયે પ્રાર્થના માટે તૈયાર બની જાય છે. એક વખત મન નિયંત્રણમાં આવી ગયાં પછી પ્રાર્થના સહજ બની જાય છે.

વળી નિશ્ચિત સમયે પ્રાર્થના કરવાથી પ્રાર્થનાની સૂક્ષ્મ અસર ચિત્ત પર આખો દિવસ રહે છે. તેથી મન આનંદ અને ઉલ્લાસથી ભરપૂર રહે છે. દિવસના

કાર્યો ઉત્સાહપૂર્વક થાય છે અને પછી ભગવાન સાથેના અનુસંધાનની અનુભૂતિ થવા લાગે છે. પછી તો નિશ્ચિત સમયની પ્રાર્થના અવિરત પ્રાર્થના બની જાય છે.

અવિરત પ્રાર્થનાનું દૃષ્ટાંત 'ધ વે ઓફ એ પિલગ્રીમ' જેનો ગુજરાતી અનુવાદ 'એકલપંથી' નામે થયો છે. તેમાં આપવામાં આવેલું છે. તેમાં એક ગરીબ રશિયન ખભે નાનકડી બેગ લઈને ભગવાનની શોધમાં નીકળી પડે છે. તેના એક હાથમાં ખોડ છે. આથી નાનકડી બેગ સિવાય બીજો કોઈ સામાન તેની પાસે નથી. એક જગ્યાએ તે આરામ કરવા રોકાયો ત્યારે બેગમાંથી બાઈબલનું પુસ્તક કાઢી વાંચવા લાગ્યો. તેમાં એક વાક્ય તેને સ્પર્શી ગયું. તે વાક્ય હતું 'અવિરત પ્રાર્થના કરતા રહેજો'' આ વાક્ય ઉપર તેણે ખૂબ વિચાર કર્યો, પણ તેને સમજાયું નહીં કે આ અવિરત પ્રાર્થના કેવી રીતે ચાલુ રાખી શકાય?

દિવસમાં ચાર - પાંચ વખત બેસીને પ્રાર્થના થઈ શકે. પણ ખાતાં - પીતાં, સૂતાં, પ્રાર્થના કેવી રીતે થઈ શકે ? પોતાની આ મૂંઝવણ તેણે ચર્ચમાંના પાદરી સમક્ષ રજૂ કરી. પણ તેને સંતોષકારક જવાબ મળ્યો નહીં. પછી પણ તે જ્યાં - જ્યાં જતો ત્યાં અનેક પાદરીઓને આ વિષે પૂછતો રહેતો પણ કોઈએ એની સમસ્યાનું સમાધાન કર્યું નહીં. આખરે તેણે એક વૃદ્ધ પાદરીને પૂછ્યું. તેમણે કહ્યું; ''એક દિવસમાં તું અવિરત પ્રાર્થના નહીં કરી શકે. તું અહીં રહી જા. તો હું તને એ કેમ કરવી તે શીખવાડીશ.'' તે ત્યાં રોકાઈ ગયો. માળી તરીકે કામ કરવા લાગ્યો. વૃદ્ધ પાદરીએ તેને પ્રાર્થના શીખવાડી કે ''હે પ્રભુ ઈસુ મારા ઉપર કૃપા કરો.'' મનમાં એનું સતત રટણ કરવાં કહ્યું. કામ કરતાં-કરતાં પણ આ રટણ ચાલુ રાખવા કહ્યું. શરૂઆતમાં તો આમ કરવામાં તેને ભારે મુશ્કેલી પડી. મન પણ આ પ્રાર્થનામાં લાગતું ન હતું. છતાં પાદરીના વચનમાં શ્રદ્ધા રાખીને તે મંત્રનું રટણ કરતો રહ્યો. ધીમે - ધીમે મન સ્થિર થવાં લાગ્યું અને પછી તો આપ મેળે સતત રટણ થવાં લાગ્યું. પછી તેને અંતરમાંથી આનંદ આવવા લાગ્યો. પછી તો અવિરત પ્રાર્થના હૃદયમાં ચાલું જ રહેવા લાગી. ત્યારે તેણે વૃદ્ધ પાદરીને કહ્યું, ''અવિરત પ્રાર્થના કરતા રહેજો'' એ વાક્ય હવે મને બરાબર સમજાઈ ગયું છે.'' આવી પ્રાર્થનાથી તેનાં ઉપર સાચ્ચે જ ઈસુ ખ્રિસ્તની એવી કૃપા થઈ કે તે પરમાત્માની અનુભૂતિ કરી શક્યો અને તેનું જીવન બદલાઈ ગયું !

# પરમ ચેતનાનું અસ્તિત્વ

પ્રકરણ - ૧૦

**સમજૂતી** - માનસિંહ ચાવડા

આ રીતે પ્રકૃતિ જ્ઞાતા અને જ્ઞેયની રચના કરતી હોય છે અને આત્મશક્તિ પોતાના આંદોલનોને 'સંવેદનો' સ્વરૂપે રૂપાંતરિત કરતી હોય છે. ચેતનાનાં બે બિન્દુઓ વચ્ચે જે આવા આંદોલનોનો વિનિમય થાય છે તે સંવેદનો સ્વરૂપે આપણે અનુભવતાં હોઈએ છીએ, કારણ ચેતનાના પેલા બે કેન્દ્રો પૈકી એક કેન્દ્ર આપણે પોતે બની જતાં હોઈએ છીએ.

અહિં હવે મૂળભૂત પ્રશ્ન તરફ આપણે વળીએ. ચેતનાના નિષ્ક્રિય પાસાને આપણે બ્રહ્મ અથવા સત્ અથવા પુરૂષ કહીએ છીએ અને સક્રિય પાસાને માયા શક્તિ અથવા પ્રકૃત્તિ કહીએ છીએ, પણ પરમ - ચેતના નિષ્ક્રિય અવસ્થામાંથી સક્રિય અવસ્થામાં જવાનું કારણ શું ? શા માટે ? શા હેતુથી સક્રિય બન્યું ? તેમાં સક્રિય થવાનો આદિ સંકલ્પ શા માટે નિર્માણ થયો ?

આજનું વિજ્ઞાન જગત માત્રને નિર્જીવ અને અચેતન માને છે. તેમાં રહેલી સક્રિયતા એ તેનો સ્વભાવ છે એવું તેઓ જણાવે છે. આપણાં ઋષિઓ આને 'સ્વભાવવાદીઓ' તરીકે જણાવે છે. પરમ-ચેતનામાં કાલાંતરે સક્રિય અને નિષ્ક્રિય થવાનો સ્વભાવ છે. તેને તેવી ટેવ છે. તે તેની સ્વાભાવિક પ્રક્રિયા છે.

બીજો જવાબ ઋષિઓ એ આપે છે કે પરમ - ચેતનાએ અનંતરૂપો ધારણ કરવાનો સંકલ્પ કર્યો - 'એકો અહં બહુસ્યામ્'. આ તેની સહજ લીલા છે. તેમાં કોઈ ઉદ્દેશ નથી. પરમ - ચેતના પૂર્ણ છે. 'પૂર્ણમદઃ પૂર્ણ મિદમ' છે તેમાં બધી જ વસ્તુઓનો સમાવેશ થઈ જાય છે. તેમાં કોઈ વસ્તુનો અભાવ નથી. તેથી સંકલ્પ કરવો એ પણ તેને માટે સ્વાભાવિક છે. તેથી તેની પૂર્ણતા ભગ્ન થતી નથી પણ માનવી સંકલ્પ અને પરમ-ચેતનાના સંકલ્પમાં તફાવત છે. માનવ પોતાની કોઈ

ઇચ્છા, અભિલાષા પૂર્ણ કરવા સંકલ્પ કરે છે. તેને તે વસ્તુનો અભાવ જીવનમાં જણાય છે. તેથી તે મેળવવા તે સંકલ્પ કરે છે. તે પોતે અપૂર્ણ હોવાથી તેનો સંકલ્પ પણ અપૂર્ણતાની નિપજ હોય છે. જ્યારે પરમ-ચેતના તો પોતે જ પૂર્ણ છે. તેથી તેનાં સંકલ્પ દ્વારા પણ પૂર્ણતા જ પ્રગટે છે, અપૂર્ણતા નહિં. કારણ તે સર્વશક્તિમાન છે, સર્વજ્ઞ છે અને સ્વયંપૂર્ણ છે. એક જ ઘટના અપૂર્ણ સ્વરૂપે અને પૂર્ણ સ્વરૂપે બન્ને રીતે પ્રકટ થઈ શકે છે. જે માનવમન અપૂર્ણ રીતે પ્રકટ થાય છે તે જ પરમ - ચેતનામાં પૂર્ણ રીતે પ્રકટ થાય છે, કારણ માનવ એ તો પરમ - ચેતનાનો એક આંશિક અને અપૂર્ણ, વિકૃત્ત અને ક્ષણિક આવિર્ભાવ માત્ર છે. તેથી જ તેની બધી ક્રિયાઓ પણ અપૂર્ણ હોય છે.

પરમ-ચેતનાનો દરેક સંકલ્પ, દરેક કાર્ય, દરેક આવિર્ભાવ તેની સનાતન પૂર્ણતાને જ પ્રકટ કરવાં માટે હોય છે. તે તેની લીલા હોય છે. અહેતુક કર્મ હોય છે. તેથી ઋષિઓ એમ કહે છે કે પરમ-ચેતના પોતાનાં આ આંતરવૈભવ દ્વારા આનંદ પ્રકટ કરતી હોય છે અને તેથી 'આનંદાત્ એવ ભૂતાનિ જાયન્તે'' આ પરમાનંદમાંથી જ, આ દિવ્યાનંદમાંથી જ, આ મહાનંદમાંથી જ, આ સમસ્ત બ્રહ્માંડ પ્રકટ થયું છે. ભૂતમાત્ર પ્રાણીમાત્ર તેમાં જ આવિર્ભાવ પામ્યાં છે. આપણને આ જગત ''તસ્ય ભાસાઃ સર્વમ્ ઇદં વિભાતિ'' જગતની દરેક વસ્તુ દ્વારા આપણને પરમ-ચેતનાનો જ આભાસ મળે છે. જગતનાં આવિર્ભાવનો તે આધાર છે.

આજનાં વિજ્ઞાનવાદીઓ, વૈજ્ઞાનિકો જગતનાં આદિ કારણને સચેતન ન માનતાં અચેતન અને જડ માને છે. તે એમ માને છે કે ચેતનાનો જે ભ્રમ થાય છે એ તો જડ પદાર્થો વચ્ચે થતી એક રાસાયણિક ક્રિયા માત્ર છે. ઢોકળાનાં બોળામાં આથો આવે છે ત્યારે તેમાં હાલચાલ થતી હોય છે. પણ તે રાસાયણિક ક્રિયાને કારણે, ખરેખર ત્યાં કોઈ ચેતના હોતી નથી. કોમ્પ્યુટર ગણતરી કરે છે તે પ્રોગ્રામિંગને કારણે, તે કાંઈ ચેતના ધરાવતું નથી. ટી.વી.માં હલનચલન કરતાં ચલચિત્રો દેખાય છે. તે કાંઈ ચેતન નથી. તેથી ચેતના નામની કોઈ સ્વતંત્ર વસ્તુ છે એમ માનવાની જ જરૂર નથી. પણ અહિં એક સ્વાભાવિક પ્રશ્ન નિર્માણ થાય છે. ઢોકળાનો બોળો કરનાર કોઈ જીવંત વ્યક્તિ છે. કોમ્પ્યુટર વિકસાવનાર પ્રોગ્રામિંગ કરનાર જીવંત વ્યક્તિ છે. ટી.વી. સેટની રચના કરનાર જીવંત

વ્યક્તિ છે. આથો કે કોમ્પ્યુટર કે ટી.વી. પોતે પોતાને નિર્માણ કરી શકતાં નથી પણ માનવ પોતે પોતાને નિર્માણ કરી શકે છે.

નિસર્ગમાં બધે જ સૂક્ષ્મ આયોજન દેખાય છે. આ આયોજનને નિર્માણ કરનાર કોણ ? આયોજન પોતાની મેળે નિર્માણ થતું નથી. સમગ્ર નૈસર્ગિક પ્રક્રિયા વિવિધ સિદ્ધાંતાનુસાર ચાલી રહી છે. તેથી તેનો કોઈ આયોજક હોવો જરૂર છે.

આ આયોજક પરમ-ચેતના સિવાય કોણ હોઈ શકે ? તે જ વિવિધ કક્ષાએ પોતાનાં વિશેષ આવિર્ભાવો મારફત આયોજન કરી રહી છે. ચેતના એ કોઈ જડ ભૌતિક શક્તિ નથી. તે ભૌતિક શક્તિ તો છે પણ તેથી પણ ઘણું બધું તેમાં આવી જાય છે. આપણે ભૌતિક શક્તિ અને ચેતના વચ્ચેનો તફાવત સમજી લેવો જરૂરી છે. સામાન્ય વ્યવહારમાં આપણે જાગૃત્ત મનોમય ચેતનાને જ ચેતના ગણીએ છીએ. જાગૃત્ત અવસ્થામાં રહી જીવન વિષે નિર્ણય લેવા, કર્મ કરવાં, આયોજન કરવું, આ બધાં ચેતનાનાં કાર્યો છે. જેમાં આ નથી તે બધાં અચેતન કહેવાય છે. આ અવસ્થામાં આપણી ઈન્દ્રિયો સક્ષમ અને સજાગ હોય છે. પણ વાસ્તવિકતા આ નથી. બેભાન અને મૂર્છિત વ્યક્તિ નથી કર્મ કરતી, નથી આયોજન કરતી, નથી ઈન્દ્રિયો દ્વારા જાણતી છતાં તે અચેતન નથી. તેની શારીરિક પ્રક્રિયાઓ ચાલતી જ હોય છે જે ચેતનાનું જ કાર્ય કહેવાય.

બીજું, જાગૃત્ત અવસ્થાની નીચે અવચેતન મનનો વિશાલ પ્રદેશ છે એમ આજના વિજ્ઞાનીઓ પણ માને છે. તેને અવચેતન એ માટે કહે છે કે તે પ્રદેશ બાબત માનવ સભાન નથી. ખરેખર તો ચેતનાએ જ આપણું મગજ, નાડીતંત્ર સર્જ્યું છે જેથી તે ભૌતિક જગતનો અનુભવ લઈ શકે. મગજ વગેરે તો તેના સાધનો છે. જેમ રેલ્વે એન્જીન વરાળથી ચાલે છે પણ તે કાંઈ પોતાની મેળે વરાળ નિર્માણ કરતું નથી. કોઈ સજીવ વ્યક્તિની તેને મદદ લેવી પડે છે. તેમ ચેતના મગજને વાપરે છે પણ મગજ ચેતનાને નિર્માણ કરી શકતું નથી. કારણ કે તેને વાપરતી ચેતના શક્તિ બંનેમાં ચેતના શક્તિ મહત્ત્વની છે. કરણ (સાધન) નહિં. ચેતના શક્તિ સાધનને વાપરે છે. જેમ માણસ ચશ્મા વાપરતો હોય તો માણસનું મહત્ત્વ છે, ચશ્માનું નહિં.

# માતૃવાણી
- શ્રી માતાજી

## અવતરણો
# ભાગવત-દૃષ્ટિથી જગત વિષેની સમજણ - ૨
(માતૃવાણી - ૨, પૃ.૩૦૨-૩૨૩)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૩૭ **ગતિ :** બાહ્ય-ગતિ દ્વારા જ પરિવર્તન થાય તેમ નથી. આંતર-ગતિઓ પણ હોય છે જે દેખાતી નથી. માણસ બહારથી તદ્દન નિષ્ક્રિય અવસ્થામાં સરી પડેલો હોય તો પણ તેનાં મનપ્રાણમાં આંતર-ગતિઓ ચાલતી જ હોય છે તે આપણને ઘડતી જ હોય છે, બદલતી જ હોય છે. બધું નિરંતર ગતિ કરતું હોય છે. તે ગતિ પ્રગતિ અથવા અવનતિની હોય છે. પૃ.૩૧૪

૩૮ **હેતુ :** બહારના હેતુઓ એ તો ચૈત્યપુરુષનાં પોતાનાં સાક્ષાત્કારની તૈયારી માટે યોજાતાં બહાનાં માત્ર હોય છે. પૃ.૩૧૪

૩૯ **ગૂઢદ્વાર :** ચૈત્યપુરુષ અને તમારી વચ્ચે જે ગૂઢદ્વાર છે તેને ખોલવાની યુક્તિ કે ચાવી તમને ન મળે ત્યાં સુધી એ દ્વારા ઉપર જ અને તેની ખોલવાની યુક્તિ ઉપર જ એકાગ્ર થઈને રહો. તે નિશ્ચિત ખૂલશે.

૪૦ **સંગીત :** સંગીત ચેતનાને આધ્યાત્મિક-ઊંચાઈઓ પર ઉપર ઊઠાવે છે. તે જ તેનો સાચો ઉદ્દેશ છે. જ્યારે તે ચેતનાની અવનતિ કરે છે, ઈચ્છા-કામનાઓમાં અવનતિ કરે છે. ઈચ્છા કામનાઓને ઉશ્કેરે છે તેનો અર્થ તેમાં વિકૃતિ પ્રવેશી ગઈ છે. પૃ.૩૧૫

૪૧ **રાષ્ટ્ર :** દરેક રાષ્ટ્ર પરમાત્માના એક-એક પાસાંને અભિવ્યક્ત થવાં જ નિર્માણ થયા છે, તેથી બધા સમાન જ છે. બધાંનો મૂળ હેતુ પણ સમાન જ છે. દરેકનું સ્વાતંત્ર્ય રક્ષવું એ પ્રભુકાર્ય છે. વિનાશ કરવો એ પ્રભુનાં

કાર્યને અવરોધવું છે. જ્યારે કોઇ દેશ પોતાના મૂળ હેતુને બદલે વિકૃત્ત હેતુ પાછળ ગાંડું થાય છે, ત્યારે જ તેનો વિનાશ કરવો કે તેનું સ્વાતંત્ર્ય હરી લેવું યોગ્ય ગણાશે.

દેશની સત્તા, શક્તિ કે કદ તેને મહાન બનાવતાં નથી, પણ મૂળ હેતુ સાધ્ય કરે તેથી મહાન ઠરે છે.

૪૨ **નિકટતા :** શારીરિક-નિકટતા ત્યારે જ સાર્થક બને છે, જ્યારે આંતરિક-અભિપ્સા અને આંતરિક-એકાગ્રતામાં પણ નિકટતા હોય.

૪૩ **આવશ્યકતા :** પ્રભુ આપણી આવશ્યકતાઓને વધુ સારી રીતે જાણે છે. આપણે સાચી આવશ્યકતાઓથી ભાગ્યે જ સભાન હોઇએ છીએ. આપણી બધી આવશ્યકતાઓ એક જ વસ્તુ પૂરી કરી દે છે, તે છે પ્રભુની પ્રાપ્તિ. ભૌતિક-માગણીઓ ઘટાડવાની એક જ યુક્તિ છે, ચેતનાને વિશાળ કરો. તે વધુ ને વધુ હકીકતો અને વાસ્તવિકતાઓ જાણશે. આ બહુશ્રુતતા તમારી ભૌતિક-માગણીઓનું મહત્ત્વ જ ઘટાડી નાખશે. પૃ.૩૧૫

૪૫ **નવીન :** પરમાત્માની સભાનતા અને શાશ્વતીમાં જે નથી, તે અસ્તિત્વ જ ધરાવતું નથી, પણ તે બીજરૂપે હોય છે. આવિર્ભાવમાં તે તદ્દન નવીન હોય છે, કારણ તે તેમનો પ્રથમ જ આવિર્ભાવ હોય છે.

શાશ્વતી સદા આ રીતે નવીન-રૂપો ઘડે છે. તે રૂપોનો હેતુ પ્રગતિ કરવાનો હોય છે, તેથી પ્રગતિમાં નવીન-વસ્તુઓ અનુભવાય છે. પ્રત્યેક પળે પ્રગતિ થતી હોય છે અને નવીનતા અનુભવવાની હોય છે.

હાલના તબક્કાની નવીનતા આ છે : તમારા ચૈત્યપુરુષ સાથેનો સભાન અને સાતત્યપૂર્ણ સંબંધ જે તમને તમારા નવીન-જન્મ તરીકે અનુભવાય છે અને બીજી નવીનતા છે તમારા સહકાર્યકરના કાર્યમાં તમારો નિસ્પૃહ અને સાચો સહયોગ. આ વસ્તુ એક સત્ય અને સંવાદિતાનો પ્રકાશ પૃથ્વી ઉપર પ્રગટ કરશે. આ નવીન-આવિર્ભાવ માટે જરૂરી છે :

(૧) નવાં વિચારો પ્રગટ કરવાં નવીન શબ્દોની

(૨) નવી શક્તિ પ્રગટ કરવાં નવાં રૂપોની

આ માટે પુરાતન-પદ્ધતિઓ કામ નહિ લાગે, કારણ પદ્ધતિઓ દ્વારા તમે નવી પ્રક્રિયાઓ શરૂ કરશો. આપણે ફક્ત નવીન-ચેતના જ સુદૃઢ કરવાની નથી, નવીન-પ્રક્રિયાઓ પણ શોધી કાઢવાની છે. પૃ.૩૧૬

૪૬ **સત્યનો અવાજ :** આવિર્ભાવ પામતા સત્યનો પોતાનો અવાજ હોય છે. તે સૌમ્ય, ઝીણો અને મૃદુ હોય છે. તેને સાંભળવા અન્ય અવાજોથી ઉપર ઊઠવું પડશે. ધાંધલિયા જીવનમાં સત્યને આવિર્ભાવ પામવામાં મુશ્કેલીઓ નડે છે. આંતરિક-એકાગ્રતા અને સજાગતાભર્યા જીવનમાં તે કમળની જેમ ખીલી ઊઠે છે. પૃ.૩૧૭

૪૭ **સંખ્યા :** પ્રચારનું સિદ્ધિ સાંભળનારાની સંખ્યા ઉપર છે, મહાન આધ્યાત્મિક સત્યના ઉદ્‌ગારનું મહત્ત્વ ઉપસ્થિત શ્રોતાઓની સંખ્યા ઉપર નહિ પણ તેમની સાચી ગ્રહણશીલતા ઉપર છે. પૃ.૩૧૭

૪૮ **તમસ્ :** તમસ્ એટલે જડતા. તે અજ્ઞાનનું પરિણામ છે. તે ગ્રહણશીલતાને ઓછી કરી નાખે છે. ફક્ત અતિમનસ ચેતનાનો આવિર્ભાવ જ આ તમસ્ અને અજ્ઞાનને સમૂળા નષ્ટ કરે છે, કારણ અતિમનસ તમને પ્રભુ સાથે સભાનતાપૂર્વક એકરૂપ કરી નાખે છે. પૃ.૩૧૭

૪૯ **અવરોધોનો નાશ :** જેમ અવરોધો નષ્ટ થશે તેમ દિવ્યજ્ઞાન ક્રમશઃ પ્રગટ થશે. આ ન થાય ત્યાં સુધી ભગવત-કૃપામાં શ્રદ્ધા રાખો. તે જ તમને અવરોધો પાર કરવામાં મદદરૂપ થશે. પ્રભુનો પૂર્ણ-આવિર્ભાવ તમારા જીવનમાં થતાં જ બધાં અવરોધો સમૂળા નાશ પામે છે. અવરોધો પોતાની અંદર જ છે. બાહ્ય-અવરોધો તેનાં પ્રતિબિંબમાત્ર છે. બસ, પ્રભુકૃપાના ભરોસે પોતાની અભિપ્સાને સુદૃઢ કરો. સંપૂર્ણ સત્યનિષ્ઠાથી પોતાનું અવલોકન કરો. નબળાઈરૂપ અવરોધોને શોધી કાઢો. તેનું પ્રભુકૃપાની મદદથી નિર્મૂલન કરો. કાલાંતરે તમને પ્રભુનો અસીમ પ્રકાશ દેખાશે. તેની સાથે એકરૂપ થાઓ અને છૂટકારો મેળવો. પૃ.૩૧૭

૫૦ **અભિપ્રાય :** અભિપ્રાયો અર્ધજ્ઞાન ઉપર આધારિત મનોમય નિષ્કર્ષો હોય છે. તે સાચા હોતાં જ નથી, માટે પ્રભુને સમર્પિત રહો. આંતરપ્રેરણાને જ અનુસરો. પૃ.૩૧૯

૫૧ **નિત્ય પ્રાર્થના :** પ્રભુ અમને વધુ ને વધુ ભાગવત-દૃષ્ટિની સમજણ આપો. દરેક વસ્તુ બાબત આધ્યાત્મિક-દૃષ્ટિકોણ સમજાવો. તે સમજણથી પ્રબુદ્ધ કરો. અમારા મનને પ્રકાશથી ભરી દો. અમને તમારો અમારાં માટેનો સંકલ્પ સમજાવો. તેને વાસ્તવિક કરવાની ક્ષમતા, ધગશ અને ધીરજ આપો. જીવન તે પ્રમાણે જ ઢાળવાની દૃષ્ટિ આપો. આ જ અમારી નિત્ય પ્રાર્થના છે. પૃ.૩૧૯

પ્રાર્થના બાબત અગત્યની જાણવા જેવી બાબતો :

(૧) આપણે ભગવાનની પાસે ગમે તે માગણી ગમે ત્યારે ગમે તે સ્થળે કરી શકીએ છીએ, પણ..... પ્રભુ તેનાં આપણાં માટેનાં સંકલ્પને અનુરૂપ અને અનુકૂળ કરીને જ તે મંજૂર કરે છે.

(૨) ભગવાન નિશ્ચિતપણે આપણી પ્રાર્થના સાંભળે છે અને જવાબ પણ આપે છે, પણ તે સાંભળવાની પાત્રતા, ક્ષમતા આપણે વિકસાવવી પડે છે.

(૩) પ્રભુકૃપાનું આવાહ્‌ન કરવાં માટે કોઇ ખાસ હેતુ હોય તો સ્પષ્ટ અને ચોક્કસ રીતે તે હેતુ અભિવ્યક્ત કરો. નિખાલસ બનો. હેતુ પેટમાં ન રાખો. પ્રભુ છેતરાતા નથી, જાણે જ છે; પણ તમારી નિખાલસતા પૂરવાર કરવી જરૂરી છે.

(૪) બધી સાચી પ્રાર્થનાઓ પૂરી કરવામાં આવે છે. સાચી પ્રાર્થના એ છે જેમાં તમે તમારી આધ્યાત્મિક-પ્રગતિ, પ્રભુનું કાર્ય, તેમાં મદદની યાચના કરી હોય. અન્ય માગણીઓવાળી પ્રાર્થના સો ટકા સાચી નથી, કારણ તમારી સાચી જરૂરિયાતો તમે જાણતાં નથી. પૃ.૩૨૪

૫૨ **ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યકાળ :** જેઓ ભૂતકાળને ખંખેરી નાખે છે, ભવિષ્યકાળ ઉપર મીટ માંડે છે અને વર્તમાનકાળમાં બધું કરી છૂટે છે; તેઓ પોતાનાં લક્ષ્યને બહું જલદી પહોંચી જાય છે. પૃ.૩૨૦

૫૩ **તત્ત્વજ્ઞાન :** તત્ત્વજ્ઞાન અને નીતિશાસ્ત્ર માનસિક-વ્યાયામ માટે ઉત્તમ છે, ન કે જ્ઞાન મેળવવા માટે. જ્ઞાન તો તે મુજબ જીવવાથી જ આવે છે. પૃ.૩૨૩

# સાવિત્રી
- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

# શારીરિક-મનના પ્રત્યાઘાતો

પ્રકરણ-૧૪૫

(Savitri B-1, C-4, P-69)

There comes no close to the finite's boundlessness.
There is no last certitude in which thought can pause
And no terminus of the soul's experience.
A limit, a farness never wholly reached,
An unattained perfection calls to him
From distant boundaries in the Unseen:
A long beginning only has been made.

આ સૂક્ષ્મ શરીરનો જે વિકાસ થાય છે તે મનોમય પ્રકારનો હોય છે. તે સીમિત વસ્તુઓ બાબતનો જ હોય છે. મનનું ક્ષેત્ર ચાર આયામોમાં બંધાયેલું છે - લંબાઈ, પહોળાઈ, અને જાડાઈ, આ સ્થળની વિશેષતા છે તે ત્રણેનો સમાવેશ સ્થળ (space)માં થાય છે. ચોથું પરિમાણ એટલે કાળ અર્થાત્ (duration) ટકવાનો સમય. મન કોઈપણ વસ્તુને આ મર્યાદાઓની અંદર બાંધીને જ જોતું હોય છે કારણ જાણવાં માટે મનને એકાગ્ર થવું પડે છે. તેથી સામેની વસ્તુના કોઈક ભાગ કે પાસાને જૂદું પાડીને તેની ઉપર જ એકાગ્ર થઈ તે જ્ઞાન મેળવે છે. તેથી એકાગ્રતા જ ઉપરનાં ચાર આયામો રચે છે.

કેન્દ્રિત એકાગ્રતા વગરની પણ એક સભાનતા હોય છે. તેમાં વિષયને

મર્યાદિત કરવામાં નથી આવતો. આયામોમાં બાંધવામાં નથી આવતો, ત્યારે વિશાળતાની, અસીમતાની, સનાતનતાનો ભાવ જન્મ છે તે મનની નહિ પણ ચિત્તની અવસ્થા હોય છે.

મન સીમિતતાની સીમાઓને ઓળંગી જ શકતું નથી, તેથી તે સીમાઓની પેલેપાર શું છે તે જાણી જ શકતું નથી (certitude) પણ આત્માની અનુભૂતિઓ કાંઈ ફકત મન દ્વારા જ આવતી નથી ,તે ચિત્ત દ્વારા પણ આવે છે. ચિત્ત કોઈ વસ્તુ સાથે એકરૂપ થઈ જાય છે ત્યારે તે તે એકાત્મતા દ્વારા તે વસ્તુનું જ્ઞાન મેળવે છે. આ જ્ઞાનનો પ્રકાર મનને ખબર જ હોતો નથી. મન તો ઈન્દ્રિયોએ મોકલેલ પોતપોતાના સંવેદનોને બુદ્ધિથી જોડીને જ્ઞાન મેળવતું હોય છે તેને આ કામમાં સ્મૃતિ-શક્તિ મદદરૂપ બને છે. પણ ચિત્તને આવી ઉપાધિ કરવાની જરૂર જ હોતી નથી. તે સીધેસીધું વસ્તુ સાથે એકરૂપ થઈને તેનું જ્ઞાન પોતાની મેળે મેળવી લે છે તે તે વસ્તુની ચેતના સાથે એકરૂપ થઈને તે જ્ઞાન મેળવતું હોય છે તે જ્ઞાન ઇન્દ્રિયાતીત હોય છે, તેથી મન દ્વારા આવતા અનુભવો કરતા આત્માનું અનુભવ લેવાનું કાર્યક્ષેત્ર ઘણું જ વિશાળ હોય છે. મન તેની સીમા નથી.

ચિત્તની અનુભૂતિઓમાં કોઈ મર્યાદા, કોઈ આઘેપણું હોતું જ નથી ત્યાં આઘેમાં આઘેની વસ્તુ સમીપમાં સમીપની બની જાય છે ત્યાં કોઈ મર્યાદા જ નથી. ચિત્તને અસીમતામાંથી સતત પોકારો આવતા જ હોય છે. અસીમતાની અગાધતાને આંબી શકાતી જ નથી. પૂર્ણતા કેટલી પણ મેળવો, મેળવેલ વસ્તુ અપૂર્ણ બની જાય છે અને પૂર્ણતા આઘેઆઘેથી બોલાવતી લાગે છે.

આનો અર્થ એ છે કે અત્યાર સુધી મને કરેલો વિકાસ એ તો હજી શરૂઆત જ છે.લાંબા પ્રવાસની પ્રાથમિક મંજીલ જ છે.

This is the sailor on the flow of Time.
This is World-Matter's slow discoverer.
Who, launched into this small corporeal birth,
Has learnt his craft in tiny bays of self,

But dares at last unplumbed infinitudes,
A voyager upon eternity's seas.

આ બધો વિકાસ એ તો કાળના પ્રવાહમાં થતા મર્યાદિત વિકાસનો જ તબક્કો છે. તેમાં તે મનરૂપી ખલાસી જાણે પોતે પોતાની જ્ઞાન નૌકાને **આગળને** આગળ હંકારી રહ્યો છે. આમાં ભૌતિક-જીવન, ભૌતિક જગત અને વધુમાં વધુ કહી શકાય કે તેના સૂક્ષ્મરૂપોનું જ જ્ઞાન મળતું હોય છે, જેમાં વિશ્વકિરણો, અણુવિજ્ઞાન, ગુરુત્વાકર્ષણ, વિદ્યુત જેવી વિશ્વ-શક્તિઓનો અને અંતે નેનોસાયંસ જેવા વિષયોનો અભ્યાસ થતો હોય છે પણ અંતે ભૌતિક જડ જગત અને સૂક્ષ્મ ભૌતિક જગતનું જ આ ક્ષેત્ર બની રહે છે.(World-Matter's) આના પરિણામે નાના બાળકને કોઈ હુન્નર (craft) શીખવે તેમ આત્મતત્ત્વને આ ભૌતિક જગતની શક્તિઓનો ઉપયોગ કરતા શીખવવામાં આવે છે. વળી આ જ્ઞાન તેને આ ભૌતિક જીવનમાં જ ઉપયોગી થાય છે (small corporeal birth) પણ તેના આત્માની આગળ વિકાસની માગ સતત વધતી જ જાય છે. અને અંતે તે વણખેડયા (unplumbed) એવી અસીમતાના ક્ષેત્રમાં ઝંપલાવે છે. હવે તેણે સનાતનતાનો સાગર ખેડવાનું શરુ કર્યું છે એમ કહી શકાય.

In his world-adventure's crude initial start
Behold him ignorant of his godhead's force,
Timid initiate of its vast design.
An expert captain of a fragile craft,
A trafficker in small impermanent wares,
At first he hugs the shore and shuns the breadths.
Dares not to affront the far-off perilous main.

આ વ્યકિત-ચેતના ભૌતિક જગત નહિ પણ સૂક્ષ્મ જગત સાથેના મહાજગતની સફરે હવે ઉપડે છે. તેની શરૂઆત એકદમ અણઘડ (crude) હોય

છે. કારણ તે હજી પ્રાથમિક જ શરૂઆત હોય છે તેને આ કાર્ય તરફ પ્રભુની જ શક્તિઓ તેને જણાયા વગર ધકેલતી હોય છે, પણ તેને તે વસ્તુની ખબર જ હોતી નથી, કારણ આ અતિવિશાળ અને સૂક્ષ્માતિસૂક્ષ્મ જગતની રચના અને તેના નિયમો બાબત તેને કાંઈજ ખબર હોતી નથી. તેથી મૂંઝાતો હોય છે. તેણે જે શરીરરૂપી નૌકાના આધારે આ મહાસફર ખેડવાનો નિર્ણય લીધો છે તે ખૂબ જ નબળી છે (fragile craft) અને તે તો એક મુસાફર જેવો જ છે તે નૌકાને માટે અનિયમિત અને અનપેક્ષિત લહેરો વચ્ચેથી સલામત માર્ગ કાઢવા ઈચ્છે છે. તેથી તેને હજી મધદરિયે પ્રવાસ ખેડવાની હિંમત જ થતી નથી. કિનારે - કિનારે જ થોડુંક જ અંદર જઈ પાછાં ફરવાની ટેવ હોય છે. સામે કાંઠે જવાનાં વિચારથી જ તે ઢીલો પડી જાય છે (hug) અને બ્રહ્માંડની વિશાળતા જોઈને જ હેબતાઈ જાય છે. (shuns)

તે મધદરિયે નજર નાંખે છે તો ત્યાં તો તે મહાતરંગોથી વલોવાતો લાગે છે (perilous main) તેથી સામી છાતીએ (affront) તે આ સુરક્ષિત કિનારો છોડીને જવાની તેની તૈયારી હોતી નથી.

સારાંશ આધ્યાત્મિક જીવનમાં તેને સાધનાની અણસમજણ અને આંતરિક વિશાળ જીવનનો વિસ્તાર જેનું તેને જરાપણ જ્ઞાન નથી તેમાં પગ મૂકતા જ તે ડરે છે. આ ડર કોષોનો હોય છે. શરીરના કોષો પોતાની મર્યાદિત સુરક્ષિતતા છોડવાં તૈયાર હોતાં નથી. તેઓ અપરિચિત વસ્તુઓનો ભય સેવે છે. કારણ દર જન્મે મૃત્યુનું કારમું દુઃખ ભોગવી ભોગવીને તેઓ ડરપોક બની ગયેલા હોય છે તે બધાં જ કોષોનાં આવા સામૂહિક મનને 'શારીરિક-મન' એવું શ્રી અરવિંદ કહે છે. આ શારીરિક-મન પરિચિત ક્ષેત્રમાં જીવવા માગતું હોય છે. આ ઉપર જણાવેલાં બધાં જ પ્રત્યાઘાતો એ કોષોના અર્થાત્ શારીરિક મનના જ પ્રત્યાઘાતો છે, જે અવચેતન અને અચેતનના પૂરેપૂરા પ્રભાવ નીચે જ જીવતાં હોય છે.

# યોગ વિષે પત્રો
- શ્રી અરવિંદ

# પ્રાણમય મન અને ચિત્ત

(ભાગ.૧, પૃ.૩૬૫ - ૩૭૨)

પ્રકરણ - ૧૯

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ મુખ્ય પ્રાણમય મન એ ઊર્મિઓ, કામનાઓ અને મુખ્ય મન..... વચ્ચે એક પ્રકારનું મધ્યસ્થી - સ્થાન ભોગવે છે. મનનો..... નિમ્નસ્તર પ્રાણમાં..... બુદ્ધિના કાર્યને વચ્ચે લાવ્યા સિવાય (કાર્ય કરે છે તેથી)..... પ્રાણમય આવેગો..... ઉપર ઊઠી આવે છે, બુદ્ધિને..... વિકૃત કરી નાંખે છે. પૃ.૩૬૫

૨ યાંત્રિક મન એ મનોમય શારીરિક-સ્વરૂપનું ખૂબ નિમ્નપ્રકારનું કાર્ય છે. પૃ.૩૬૫

૩ સક્રિય અને રચનાત્મક મન..... ચિંતનશીલ અને વિવેકશીલ ભાગ..... બન્ને વચ્ચે એક પ્રકારની સમતુલા પ્રાપ્ત (કરવાનો પ્રયત્ન કરે છે.) પૃ.૩૬૬

૪ શારીરિક મન..... સ્થૂલ વસ્તુઓ સાથે જ સંબંધ ધરાવતું હોય છે. પૃ.૩૬૬

૫ ઉપયોગ વગર (પણ) પુનરાવર્તન કર્યે જવું એ મનોમય - શારીરિક (યાંત્રિક મન)ની પ્રકૃત્તિ છે. પૃ.૩૬૮

૬ જ્યારે શાંતિ અને નીરવતા ખૂબ વધે અને પૂર્ણ થાય ત્યારે ઊર્ધ્વતર ભૂમિકાઓમાંથી જ્ઞાન પ્રાપ્ત થાય છે. શરૂઆતમાં ઊર્ધ્વમનમાંથી આ વસ્તુ વિચારની અને દર્શનની ક્રિયા ઉત્પન્ન કરે છે..... તે કાર્ય પ્રથમ વિચારશીલ

મનમાં બની આવે છે અને ત્યારપછી પ્રાણમય અને શારીરિક મનમાં..... પ્રવેશે છે. પૃ.૩૬૮

૭ ચિત્ત એવી ચેતના છે જેમાંથી બધી રચનાઓ બંધાય છે. પૃ.૩૭૧

૮ ચિત્તનો એક અવચેતન ભાગ હોય છે, જે ભૂતકાળની વસ્તુઓની છાપનો સંગ્રહ કરે છે. પૃ.૩૭૨

૯ જ્યારે ચિત્ત સક્રિય હોતું નથી અને મન શાંત હોય છે..... મુક્તિ પ્રાપ્ત થાય ત્યારે તે પ્રમાણે બને છે. પૃ.૩૭૨

*****

પ્રાણમય મનનાં બે સ્તરો જોવાં મળે છે. નિમ્નપ્રાણમય મનમાં પ્રાણમય આવેગો, શીઘ્રવૃત્તિઓ પ્રગટ થતાં જ તે અનિયંત્રિત બની બુદ્ધિની વિવેક-શક્તિને ઢાંકી દે છે અને વ્યક્તિ દ્વારા સહજ રીતે પ્રગટ થવા માંડે છે. ઊર્ધ્વ અથવા મુખ્ય પ્રાણમય મન નિમ્નપ્રાણમાં ઊઠેલાં આવેગોને માનસિક રૂપો આપી બુદ્ધિની મંજૂરી લઈ લે છે. આમાં બુદ્ધિનો સહયોગ મળે છે. નિમ્ન - પ્રાણમયમનના આવેગોમાં બુદ્ધિ બહેર મારીને જાણે સ્થગિત થયેલી જણાય છે !

શારીરિક મનની પણ બે કક્ષા પડે છે. નિમ્નશારીરિક મન યાંત્રિક રીતે ટેવ મુજબ પુનરાવર્તન કરવામાં માને છે. તે વસ્તુઓનું નિરીક્ષણ કરીને તેનો ઉપયોગ જીવનમાં કેમ કરવો તે જ જુએ છે. તે નાડીતંત્ર સાથે એકરૂપ થઈને રહે છે. તેનો કોઈ આદર્શ હોતો નથી. શરીરની ટેવો બધી આ મનને આભારી છે. ઊર્ધ્વ-શારીરિક મન શરીરની માંગણીઓને મનોમયરૂપ આપી બુદ્ધિ પાસેથી તેની મંજૂરી મેળવી લે છે અને બુદ્ધિનો સહયોગ પ્રાપ્ત કરે છે.

સામાન્ય માનવનાં સ્વરૂપમાં પ્રાણમય મન અને શારીરિક મન પ્રબળ હોય છે અને તે શુદ્ધ ચિંતનાત્મક મનને પોતાનાં વકીલ તરીકે, કરણ તરીકે વાપરે છે.

બાલ્યાવસ્થામાં શારીરિક મનનો પ્રભાવ વ્યક્તિ ઉપર વધારે હોય છે. તેથી બાળકો સ્વકેન્દ્રી અને ધૂની લાગે છે. કારણ તેમાં પુનરાવર્તન કરવામાં જ રસ લેતાં હોય છે. ધીમે - ધીમે પુખ્ત ઉંમરે ચિંતનાત્મક વિવેકી મન આ મન ઉપર નિયંત્રણ સ્થાપે છે.

મનનું આ સમગ્ર વર્ગીકરણ એ બૌદ્ધિક - સમજણ માટેનું નથી પણ યોગીની અનુભૂતિઓનાં આધારે પાડેલ છે અને તે સમજી લેવું યોગમાં જરૂરી છે. આ યોગમાં સપાટી ઉપરના મનમાંની બધી જ ભેળસેળોને જુદી પાડવામાં આવે છે અને મનનાં સાચાં આધ્યાત્મિક - કાર્ય તરફ વાળવામાં આવે છે. અર્થાત્ મૂળ કાર્યના પ્રકાશમાં જ તેનાં કાર્યો ગોઠવવામાં આવે છે. મનના દરેક સ્તરે ઊર્ધ્વતર મન પ્રત્યે ખુલ્લા થવાનું હોય છે. પોતાની મર્યાદાઓથી ઉપર ઊઠવાનું હોય છે. ઉચ્ચત્તર જ્ઞાન સાથે પોતે સંવાદમાં રહેતા શીખવાનું હોય છે. આ રીતે સાચા સંકલ્પો, સાચા દર્શન અને સાચાં પ્રત્યાઘાતો આપતાં શીખવાનું હોય છે.

વિશાલ અર્થમાં ચિત્તનો સમાવેશ પણ મનના જ પ્રદેશમાં કરવામાં આવે છે. ચિત્તમાં અનેક જન્મોનાં સંસ્કારો પડેલાં હોય છે. જે સંસ્કારો હાલમાં પ્રગટ થતાં હોય છે અને પ્રભાવ પાડતા હોય છે તેને ક્રિયમાણ-કર્મ કહે છે. જે આ જન્મે પરિણામ કરવાના છે તેને પ્રારબ્ધ - કર્મ કહે છે અને જે સંસ્કાર આ જન્મે નિષ્ક્રિય રહેવાનાં હોય પણ ભાવિ જન્મમાં સક્રિય બનવાના હોય તેને સંચિત કર્મ કહે છે. આ ત્રણે આપણા અવચેતન અને અચેતન - મનના જ ભાગ હોય છે. જે સંસ્કારો જાગૃત્ત મનની નીચે દબાયેલાં હોય છે અને જાગૃત્ત મન ઉપર વારંવાર પ્રભાવ પાડે છે તેવા ક્રિયમાણ-કર્મોનો અને પ્રારબ્ધ કર્મોનો સમાવેશ અવચેતન મનમાં થાય છે જ્યારે સંચિત કર્મો અચેતન મનનો ભાગ છે.

ચિત્તમાં સંસ્કારો સ્મૃતિરૂપે રહેલાં હોવાથી સ્મૃતિ એ ચિત્તની જ એક ક્ષમતા ગણવામાં આવે છે. આ સ્મૃતિ - શક્તિનો ઉપયોગ બુદ્ધિ અર્થઘટન કરવામાં વાપરે છે. મન પણ માનસ-પ્રતિમા રચવામાં સ્મૃતિ-શક્તિનો ઉપયોગ કરતું હોય છે.

ચિત્તનું કામ સંસ્કારોને ગ્રહણ કરીને પોતાની અંદર સાચવી રાખવાનું હોય છે. આ સંસ્કારો બાહ્ય - અનુભવો અને આંતરિક-અનુભૂતિઓ બન્ને દ્વારા તેને મળતા હોય છે. ચિત્ત ઊર્ધ્વ-સત્યો તરફ પોતાનો ઉઘાડ કરી શકે છે, પણ તે પહેલા તેણે પોતામાં વારંવાર નિર્માણ થતાં સંસ્કારોનાં ઉછાળા જેને શાસ્ત્રો 'વૃત્તિ' કહે છે તેમને નિયંત્રણમાં લેવી પડે છે. તેથી જ યોગમાં ચિત્તવૃતિના

નિરોધને પતંજલિએ ખૂબ જ મહત્ત્વ આપેલ છે.

આંતરપ્રેરણા ચિત્તમાં પ્રગટ થાય છે એમ કહેવાય છે, ત્યારે ચિત્ત ઊર્ધ્વ-સત્યો તરફ ઉઘાડ અનુભવતું હોય છે.

સામાન્ય માનવ પ્રાણમય આવેગોના કાર્યને હૃદય કહે છે પણ આ અર્થમાં ચિત્ત અને હૃદય એક જ નથી. ચિત્તમાં, આધ્યાત્મિક, ચૈતસિક, મનોમય, પ્રાણમય, શારીરિક બધાં જ પ્રકારના સંસ્કારોનો સંગ્રહ થયેલો હોય છે.

યોગવાશિષ્ઠમાં વાસનાઓ ચિત્તમાં જાગે છે એમ જણાવેલ છે. વાસના શબ્દમાં ફક્ત પ્રાણમય આવેગો જ આવતા નથી પણ માનસિક, પ્રાણમય, શારીરિક બધાં જ પ્રકારનાં સંસ્કારોનું ચિત્તમાં જાગરણ થવું તેને 'વાસના' કહેવામાં આવે છે. 'વાસના' શબ્દ ખૂબ જ વિશાળ અર્થમાં ત્યાં વાપરેલો છે. વાસના એટલે ચિત્તમાં વસતી વસ્તુ કે સંસ્કાર.

ચિત્ત જ્યારે શાંત થઈ જાય છે, ઉપર જણાવેલ 'વાસના'ઓથી મુક્ત થઈ જાય છે, ત્યારે ઊર્ધ્વમાંથી આવતી પ્રેરણાઓને ઝીલે છે. શાંત, શુદ્ધ ચિત્તમાં ચૈત્યપુરુષ અગ્રભાગે આવી પ્રગટ થવા માંડે છે. તેનું સંચાલન આપણું સમગ્ર સ્વરૂપ સ્વીકારે છે ત્યારે મુક્ત કે મોક્ષનો અનુભવ થાય છે. ત્યારે સાચા આત્માની ચેતના પ્રગટ થતી હોય છે.

શાંત ચિત્ત સાંખ્યમાંના મહત્ તત્ત્વને મળતું આવે છે કારણ શાંત ચિત્તમાં જ આત્મતત્ત્વની અસીમતા, મહાનતા પ્રગટ થાય છે. ત્યાં વ્યક્તિતા હોતી નથી પણ નિર્વ્યક્તિતાની અનુભૂતિ આવે છે. પ્રકૃત્તિ જ્યારે સક્રિય થવાં માંડે છે ત્યારે તેને 'પ્રધાન' કહે છે. પ્રધાન એટલે સાકાર રૂપો ધારણ કરવાની ક્રિયા. સક્રિય સ્વરૂપોમાંનું પ્રથમ સ્વરૂપ એટલે જ મહત્ અર્થાત્ નિર્લેપ ચિત્ત.


**SPONSORESHIP**

**This issue is Sponsored by Smita and Lalit Mistry on occasion of birth of grandson SAAYAN SHAH (27 March. 2014)**

# ઉપનિષદો - શ્રી અરવિન્દ

## અતિમનસ્‌ની આવશ્યકતા

(ઉપનિષદો, પૃ.૧૨૪-૧૨૮)

1. As the Upanishad asserts a speech behind speech in the expressive aspect of the brahman consciousness, so it asserts a mind behind mind in its cognitive aspect. P. 129
2. A cognition higher than mind presents itself as a necessary which arises from the very nature of mind itself. P. 729
3. Man is Manu. a mental being in terrestial body. P. 129
4. Modern science upholds only material evolution, but matter could not develop mind, unless it is already implied in it. P. 129
5. We must seek the origin of mind in the force which is at work in matter. That force is consciousness P. 130
6. The subconscient holds in itself everything from the commencement of things. P. 130
7. Or we must suppose a mental plane of existence which presses upon the physical and tends to possess it. In that case mental being would be an entity formed outside the material world. Aiteriya Upanishad speaks

of like that. P. 130-131

8. Both these views are as complements forming a single truth. According to material evolution, man is the highest possible name on this planet. P. 132
9. But he is not the highest realisable. He too conceals as secret beyond himself. P. 132
10. Mentality is composed of three principlal elements thought will and sensation. Sensation seizes upon the object to enjoy it, thought seizes upon the truth of the object and possesses it. will seizes upon the potentiality of object and uses it, but mind is limited and hampered. P. 133
11. So mind also has to call in a new principle beyond itself... P. 133
12. Mind does not exhaust the possibilities of consciousness and therefore cannot be its last and highest expression P. 133
13. The visible principle of supermind can only emerge when the necessary mental conditions are prepared which will permit it to organise itself in man. P. 134
14. This necessary preparation is proceeding in human development. P. 134
15. When the new principle emerges, it will not be separated after its creation, will leave the rest of mankind in the same position to it as are the animals to man. P. 135

16. Man has shown the capacity to change himself by his own efforts and the conscious aspiration to transcend. P. 135
17. Tlie Upanishad enthrones it as the already existing creator and ruler of mind P. 135
18. It is eternally conscious, though we are not conscious of it. Our inconscience of it is no proof that it is inconscient of us. P. 135

બ્રહ્મતત્ત્વના આવિર્ભાવ - પ્રક્રિયા વિષે કેન ઉપનિષદ જેમ 'વાણીની વાણી' તરીકે વાત કરે છે તેમ બ્રહ્મતત્ત્વનાં જ્ઞાનના પાસા માટે 'મનનું મન' એ સૂત્રથી જણાવે છે. મન કરતાં કોઈ શ્રેષ્ઠ અને પૂર્ણ જ્ઞાનાર્જન સાધનનું તેમાં સૂચન છે. જેમ દિવ્ય અથવા પરમ - શબ્દ એ જગતનાં સર્જનનું કારણ છે તેમ આ જ્ઞાનાર્જનના પૂર્ણ સાધનથી તેનું જ્ઞાન મળે છે એટલું જ કહેવાથી વધુ સમજણ આપણને મળતી નથી. તેને દિવ્યમન કહેવાથી કોઈ અર્થબોધ થતો નથી.

પણ મનની જ્ઞાનાર્જનની મર્યાદાઓ જાણીએ તો તેની પાછળ કોઈ દિવ્યતત્ત્વ જે તે અપૂર્ણતાઓથી મુક્ત હોય તેવું કલ્પી શકાય છે.

માનવ એ મનોમય પ્રાણી છે. તે મનુ છે. જો તેનું મનસ્તત્ત્વ ન રહે તો માનવ માનવ રહી શકતો નથી.

ભૌતિક ઉત્ક્રાંતિવાદ એવું માને છે કે જડ ભૌતિક - તત્ત્વમાંથી મન વિકસ્યું છે. પણ આવો વિકાસ તો જ શક્ય બને જો જડ ભૌતિક-તત્ત્વમાં મન પહેલેથી જ નિહિત હોય. નહિ તો જડ ભૌતિક-તત્ત્વમાં સભાન સંવેદનક્ષમતા વિકસાવનારું કોઈ તત્ત્વ જ જણાતું નથી.

એવું અનુમાન કરી શકાય કે જડતત્ત્વમાં નહિ પણ તે દ્વારા કાર્ય કરી રહેલી શક્તિએ મન વિકસાવ્યું છે તો પછી એમ માનવું રહ્યું કે તે શક્તિ પોતે જ સભાન છે, જેથી જડતત્ત્વમાં ચેતના વિકસાવી શકી અથવા તે શક્તિમાં મન સૂક્ષ્મરીતે

રહેલું છે જે ઉત્ક્રાંતિમાં પ્રગટ થયું તે મનસ્તત્ત્વને અવચેતને પોતાની અંદર પ્રથમથી ધારણ કરી રાખેલું હતું અને પ્રગટ થવા દીધું નહોતું. જે ઉત્ક્રાંતિમાં પાછળથી પ્રગટ થયું.

જો એમ માનીએ કે જડતત્ત્વમાં મન સૂક્ષ્મરીતે દબાએલું પહેલેથી નહોતું તો બહારથી ક્યાંકથી પ્રવેશ્યું એમ માનવું પડશે અર્થાત્ જડતત્ત્વના સ્તરની જેમ મનનું સ્તર અન્ય ઠેકાણે ક્યાંક છે ત્યાંથી તે અવતરણ પામી જડતત્ત્વમાં પ્રવેશ્યું.

આ ત્રણે વિચારો એકબીજાને પૂરક છે, વિરોધી નથી. દા.ત. ત્રણ તબક્કામાં આ ઘટના બની (૧) ઊર્ધ્વમાંના મનસ્તત્ત્વને અવતરણ પામતાં શક્તિએ પોતામાં સમાવી લીધું. (૨) તે શક્તિ જડતત્ત્વમાં પ્રવેશતા જ તે મનનો અંશ પણ જડતત્ત્વમાં રોપાઈ ગયો. (૩) ઉત્ક્રાંતિની પ્રક્રિયામાં તેને યોગ્ય પરિસ્થિતિ મળતાં તે પ્રગટ થયું.

વેદમાં આ સમગ્ર પ્રક્રિયાને જ વ્યાહૃતિ કહે છે વિ+આ+હૃત એટલે ખાસ પદ્ધતિથી (વિ) અવતરણ કરાવી લાવેલું તત્ત્વ. (આહૃત)

આજનું વિજ્ઞાન જડ ભૌતિકતત્ત્વને મૂળ તત્ત્વ ગણે છે. સાંખ્ય પુરુષ અને પ્રકૃત્તિને મૂળતત્ત્વો ગણે છે જેમાં પુરુષ ચેતનાસ્વરૂપ છે. પ્રકૃત્તિ અચેતન મન, બુદ્ધિ પ્રકૃત્તિનાં કાર્યો છે. વેદાંત આત્માને જ જગતનું કારણ ગણે છે અને આત્માની શક્તિ જ જગતની રચના કરે છે એમ જણાવે છે. આ અંતિમ સિદ્ધાંત ઉપનિષદોનો છે.

આપણે જડભૌતિક તત્ત્વને ઉત્ક્રાંતિનો પાયો ગણવાનો છે અને તેમાં રહેલ સૂક્ષ્મતત્ત્વો ક્રમે ક્રમે પ્રગટ થઈ રહ્યાં છે એમ માનવાનું છે. જડતત્ત્વમાંથી પ્રથમ ક્ષારો, ખનિજો, રસાયણો વિકસ્યાં. પછી તેમાંથી પ્રાણતત્ત્વ પ્રગટ થયું. તેણે જંતુથી માંડી વાનર સુધીનું પ્રાણીજગત પ્રગટ કર્યું. વાનરમાંથી મનસ્તત્ત્વે માનવ સર્જન કર્યું. માનવ આજે પાર્થિવ સૃષ્ટિનો સહુથી વિકસિત પ્રાણી છે. પણ માનવની અપૂર્ણતાઓ જોતાં તે વિકાસનો અંતિમ તબક્કો હોવો શક્ય નથી. તેમાં પણ કોઈ વધારે સમર્થ તત્ત્વ છુપાએલું હોવું જોઈએ.

# વરુણનું સ્વરૂપ

(વેદનું રહસ્ય ભા.૨, પૃ.૧૧૭-૧૨૫)

પ્રકરણ -૧૫

**સમજૂતી** - માનસિંહ ચાવડા

વાસ્તવિકતા એ છે કે વરૂણ નથી ફક્ત આકાશના દેવ કે નથી ફક્ત સમુદ્રના દેવ કે નથી ફક્ત અચેતનનાં દેવ. આ ત્રણે તત્ત્વોમાં જે વિશાળતા સર્વવ્યાપકતા રહેલી છે તેના તે દેવ છે. ખરેખર તો આ ત્રણને વિશાળતાના પ્રતીક તરીકે ઋષિઓએ પ્રયોજ્યા છે. અને આ વિશાળતા પ્રભુની પોતાની છે. દા.ત. હિબ્રુ લોકોનાં પ્રાચીન ગ્રંથમાં જગતની નિર્મિતિનું વર્ણન જોવ મળે છે, તે નીચે મુજબનું છે. પહેલાં ફક્ત ‘સમુદ્ર’ હતો. ત્યાં સર્વત્ર અંધકાર છવાયેલો હતો. ક્યાંય હિલચાલ નહોતી. પ્રભુના ઉચ્છ્વાસથી તે જળોમાં સંચાર થયો. તેણે પોતાના ‘શબ્દ’થી જળોને, સ્વર્ગને અને આકાશને જુદા કર્યાં તેથી હાલમાં બે જળ દેખાય છે - એક પૃથ્વી ઉપરના સમુદ્રનું, બીજું આકાશમાંનું વાદળાઓમાંનું.

આ આખ્યાયિકા પ્રતીકાત્મક જ છે. અહીં સમુદ્ર એટલે અવચેતનનો સમુદ્ર - અસીમ જડતત્ત્વ - તેમાં ચેતનનો લવલેશ પણ નહોતો. તે જ અંધકાર. તે પછી પ્રભુના ઉચ્છ્વાસ રૂપ દિવ્ય સંકલ્પ પ્રગટ થયો. તેણે અવચેતનમાં ગુપ્ત રહેલ ચેતનામાં સળવળાટ જન્માવ્યો. પ્રભુની સર્વાંગપૂર્ણ દર્શના - શક્તિએ જગતની રચના માટે અવચેતન (જળો), જગતમાંના માનવીઓ (સ્વર્ગ=મન) અને નિરાકાર ચેતનારૂપ આકાશને જુદાં કર્યાં. નિરાકાર ચેતના અને નિરાકાર અવચેતનના મિશ્રણથી આ બધી જ સાકાર યોનિઓ રચાઈ. તેને કારણે વિશાળતા બે જ સ્થળે દેખાય છે - સમુદ્રમાં અને આકાશમાં.

સારાંશ, આ આખ્યાયિકામાં પણ પ્રભુની પોતાની વિશાળતાના જ સંકેતો વધારે જોવાં મળે છે. આ પ્રભુની વિશાળતા એ જ વરૂણનું સ્વરૂપ છે.

આર્ય ઋષિઓને પણ આ જ અનુભૂતિ આવી હતી. તેમણે નીચે અચેતનનો સમુદ્ર વર્ણવ્યો છે, ઉપરનો પ્રકાશનો. પણ તેમાં એ ત્રીજો સમુદ્ર ઉમેરે છે, તે છે અનંત યોનિઓના - સચેતન જીવોનો - આ સંસારનો સમુદ્ર. આમ ઋષિઓએ ત્રણ સમુદ્ર કલ્પેલાં છે. ત્રણેની કલ્પનામાં વરૂણની વિશાળતા જ પ્રગટ થાય છે.

આ ત્રીજો સમુદ્ર ખૂબ જ વિકરાળ છે. તેનો પ્રવાસ જોખમી છે. આપણી જીવન - નૌકા તેમાં સુખ-દુઃખોના હિલોળા લે છે, તેનું કારણ છે આપણી સંકલ્પ-શક્તિની નબળાઈ. આપણે જે જીવન વિષે સમજવા પ્રયત્ન કરીએ છીએ તેમાં અનુભવોને કારણે સતત બદલાવ આવે છે, તેથી જીવન જીવવા બાબતનો, તેની વિગતો બાબતનો સંકલ્પ વારંવાર બદલાય છે. અંતિમ સત્ય આપણને મળતું નથી. અવઢવની સ્થિતિ નિર્માણ થવાથી જીવનનું નિશ્ચિત ધ્યેય નક્કી થતું જ નથી. આ આપણાં સંકલ્પની નબળાઈ છે. તેને સાચી દિશા આપી નિશ્ચિત અને અડગ કરવામાં ચેતનાની વિશાળતા, અસીમતા, નિર્લેપતાનો અનુભવ ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે. હે વરૂણ, તમે આ સંકલ્પને દૃઢ કરવાની, સત્ય સંકલ્પને ધારણ કરવાની ક્ષમતા અમને આપો.

આપણો આ જીવન-સમુદ્ર વલોવાતો હોય છે, કારણ તેનો જ એક ભાગ અવચેતનનો સમુદ્ર એ સતત વલોવાતો હોય છે. જીવનને સ્થિર, શાંત થવાં જ દેતો નથી. તે સમુદ્ર ઉપર પણ વરૂણનું જ વર્ચસ્વ છે, કારણ તેણે પણ ખોટી રીતે વરૂણની વિશાળતા, અસીમતા ધારણ કરી છે. વરૂણની કૃપા થાય તો જીવન - સરિતાઓ ઋત્ પ્રત્યે ગતિ કરવાં લાગે છે. (૨-૨૮-૪)

વરૂણની વિશાળતા આત્માની આત્મપ્રભા પ્રગટ કરે છે. આ પ્રકાશ બધી ભ્રાંતિઓનો વિનાશ કરે છે. વિશાળતા પછી આ અનુભૂતિ આવતી હોવાથી આત્મપ્રભાને 'વરૂણના પ્રકાશમય પગ' કહ્યાં છે. તે પગલાં સ્વર્ગ તરફ જવા જ વળે છે.

જે માણસે આવો ઋત્‌નો માર્ગ સ્વીકાર્યો, ઋત્‌ની પ્રાપ્તિ માટે વિચાર કરવા

લાગ્યો, તેને વરૂણ પેલા ત્રિવિધ પાશોનાં બંધનમાંથી, મૃત્યુના વધસ્તંભે બાંધેલાં બલિની જેમ મુક્ત કરે છે. તે વ્યક્તિ પાપપુણ્યનાં બંધનોમાંથી પણ મુક્ત થઈ જાય છે.

વરૂણમાં ઋત્-દર્શનની જે ક્ષમતા છે તે તેને સૂર્યે આપેલી છે. સૂર્ય એટલે જીવનમાં પ્રગટ થતું, ઊગી નીકળતું આત્મતત્ત્વ. આત્મતત્ત્વમાં સર્વજ્ઞતા સ્વભાવગત છે. આત્મતત્ત્વની વિશાળતા વરૂણ કરે છે, તેની સાથે તેને ઋત્-દર્શન ક્ષમતા પણ મળે છે, તેથી 'સૂર્યને વરૂણની આંખ' ગણાવી છે.

ચેતનાની સંકુચિતતા - દેહભાવ - આ જ જીવનનાં બધાં દુઃખો, રોગો, મૃત્યુનું મૂળ કારણ છે. અહંકારને કારણે તે રચાય છે. અહંકાર પોતાની સંકુચિતતામાં જ, અલગતામાં જ જીવી શકે છે. તેને વરૂણની વિશાળતા આપતા જ તે કપૂરની જેમ ઊડી જવા લાગે છે, તેથી જીવનની બધી સમસ્યાઓનું કારણ અહંકારની સંકુચિતતા છે. તે વરૂણની વિશાળતાની ઊણપ સ્વરૂપ છે. એક વખત તે ઊણપ ભરાઈ જાય એટલે અહંકાર તેનાં બધાં જ દુષ્પરિણામો સાથે નષ્ટ થાય છે. તેથી વેદોમાં જણાવેલ છે કે વરૂણ પાસે એક હજાર વૈદ્યો છે. તે બધા જ રોગો મટાડી શકે છે. વરૂણ આત્મજ્ઞાનના, આત્મભાવના વિચારસ્વરૂપે માનવ-જીવનમાં કાર્ય કરતો હોય છે. તેના પરિણામરૂપે બધી ઘટનાઓ એ જ વરૂણના વિવિધ અનંતરૂપો છે, તેથી ઋષિઓ વરૂણને અનેક જન્મોવાળો, વિવિધ રૂપો ધારણ કરતો, વિવિધ ક્ષમતા પ્રગટાવતો કહ્યો છે. (વિશ્વાયુ) (૪-૪૨-૧)

આ તેનાં કાર્યને લીધે તે મરૂતોને મદદરૂપ થાય છે. મરૂતો દિવ્યભાવો છે જે માનવી-ચેતનાને દિવ્ય બનવા માટે ઊર્ધ્વ-દિશામાં ધકેલે છે. આ દિવ્ય ભાવોને ટકાવી રાખવાનું કામ વરૂણ કરે છે અને તે મુજબ ચેતનાને ઊર્ધ્વગામી કરવાનું કામ મરૂતો કરે છે. બંનેનાં કામ એકબીજાને પૂરક છે, તેથી બંને મિત્રો છે.

વરૂણ ઋત્-ચેતનાને ધ્યાનમાં રાખીને જ કામ કરતો હોવાથી તેના સંકલ્પો મિથ્યા જાતાં નથી. પુનરાવર્તન કરવાની જરૂરિયાત એ અપયશ નથી. પણ પૂર્ણતાની પ્રક્રિયાનો ભાગ છે.

માનવી - ચિત્તમાં જે અસ્પષ્ટ એવા દિવ્યભાવો જન્મે છે તેમને સ્પષ્ટ ઘાટ

આપીને તેમને સાચા સ્વરૂપમાં અભિવ્યક્ત કરવાનો માર્ગ વરૂણ કરી આપે છે. આ રીતે જ તે મરુતોને મદદરૂપ થાય છે.

વરૂણ માનવીની પ્રકૃતિને જોઈને સાધનામાર્ગ ચાતરે છે. પ્રકૃતિમાં વક્રતા, કુટિલતા વધારે હોય તો સાધનાપથ દુર્ગમ પહાડી-કેડી જેવો બની જાય છે. પ્રકૃત્તિ સરળ, શુદ્ધ હોય તો સાધનાપથ હાઈ-વે જેવો સુરક્ષિત બની જાય છે. આમ છતાં વરૂણ મુશ્કેલીઓને ટાળીને તે માર્ગ વાંકોચૂંકો બનાવીને પણ સાધકને સુગમતા કરી આપે છે. તેથી ઋષિઓ તેમનો જીવન - પથ સુખદ બને તેવી પ્રાર્થના કરે છે. વેદો કહે છે કે વરૂણ સૂર્યના માર્ગનો (આત્માનો માર્ગ) માર્ગદર્શક બને છે.

વિશાળતાને કારણે વરૂણમાં જે સર્વાગપૂર્ણ વિશુદ્ધિ આવતી હોય છે, તે આત્મતત્ત્વને મુશ્કેલીમાં મૂકતાં તત્ત્વોનો નાશ કરી નાંખે છે. તેમનું ભક્ષણ કરે છે, એમ વેદો જણાવે છે.

ચેતનાના વિકાસમાં નિમ્ન તબક્કાના તત્ત્વોને ત્યાગવામાં આવતાં નથી પણ તેમને વિશુદ્ધ કરીને ઊર્ધ્વમાંના તબક્કા સાથે સંવાદમય સ્થિતિમાં ભેળવી દેવામાં આવે છે. આ ભેળવણીની ક્રિયા જ વિશાળતા આપે છે. તેને કારણે જે સંવાદિતા રચાય છે તેને મિત્રનું કાર્ય વેદો ગણાવે છે તેથી વેદોમાં ‘મિત્રાવરૂણૌ’ આવા જોડકા શબ્દો વારંવાર વપરાય છે. આવી રીતે સાધકને સમન્વય કરતો શીખવવામાં આવે છે.

વરૂણે આપેલી વિશુદ્ધિને કારણે દરેક તત્ત્વ શુદ્ધ થઈ શ્વેત કપૂર જેવો ધવલ પ્રકાશ ધારણ કરી રાખે છે. હાલમાં પાર્થિવ તત્ત્વ દ્વારા, સૂક્ષ્મ-પાર્થિવ તત્ત્વ, પ્રાણમય તત્ત્વ અને મનોમય તત્ત્વ પ્રગટ થયાં છે. આને વેદો ‘ત્રણ પૃથ્વી’ કહે છે. આ ત્રણે વરૂણના પ્રભાવ નીચે ધવલ પ્રકાશ ધારણ કરતી થાય છે.

સમગ્ર વિશ્વમાં સાત લોકો છે. (સપ્ત લોકાઃ) તેની ઉપર સત્-ચિત્ આનંદ સ્વરૂપ પરમ તત્ત્વ છે. દરેક તત્ત્વના લોકમાં તેનો પોતાનો પુરુષ અને પોતાની પ્રકૃત્તિ છે. આમ સાત-સાતની જોડી છે. આ સાતે સ્તરે વરૂણ વિશાળતા અને સંવાદિતા મિત્રની મદદથી રચે છે. સારાંશ, તેનું કાર્ય સર્વસ્તરીય છે, સર્વવ્યાપી છે.

સારાંશ, વરૂણ વિશાળ અસ્તિત્વનો (સત્), વિશાળ જ્ઞાનનો અને શક્તિનો (ચિત્નો), વિશાળ આનંદનો રાજા છે.

# શિષ્ય તરીકે સ્વીકારવાની શરતો

પ્રકરણ - ૪૧

(પૃ.૧૭૫-૧૭૯)

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1 To accept my Yoga the conditions are ' a steady resolve and aspiration towards the truth I am bringing down, a calm passive and an opening upward towards the source from which the light is coming. He (should) keep this attitude and has a complete confidence in me. P. 175

2 Those who come to have the Yoga are not accepted at once and there is sometimes a long period of trial before they are accepted. P. 175

3 I arrived (to perfection) through the complete silence of the mind and what ever spiritualisation and divinisation it attained was through the descent of a higher supra-intellectual knowledge into that silence. P. 176

4 The principle of this Yoga is not perfection of the human nature as it is but a psychic and spiritual transformation of all the parts of the being through the action of an inner consciousness and then of a higher consciousness which works on them. P. 176

5 It is... necessary to be sure that this is the path to which one is called before one finally decides to tread it. P. 176

6 Only those are accepted - who have the call and capacity for Yoga and are ready to satisfy the conditions. P. 177

7 Spiritual aims and methods are not easy or natural as greed, quarrelling etc. P. 177

8 As far as concerns England or America, to start with the philosophical side and side of Yoga and leave the person a little... until the people there are ready as individuals for the personal touch, that is the course we have been following upto now. In India... there is another kind of general mentality and there is the tradition of the Guru and the Shishya. P. 178

9 To deal with a few exceptional types would hardly solve the problem. P. 178

10 We can't always be holding back people whose vital says, "I want to go" and they side with the vital. P. 179

11 People don't think of giving money unless they are asked... they must know that money is needed and the idea of giving must be put into them.P. 179

શ્રી અરવિન્દનો પૂર્ણયોગ સ્વીકારવાની પાત્રતા હોવી જરૂરી છે. તે યોગનું વિશિષ્ટ વિશાળ ધ્યેય છે. જીવન તરફ જોવાનો વિશિષ્ટ દૃષ્ટિકોણ છે. તેની પોતાની સાધના બાબતની નિશ્ચિત પદ્ધતિ છે, જે આંતરિક સ્વરૂપની છે. તેમાં પ્રભુ માટે જ યોગ કરવાનો હોય છે. વ્યક્તિગત પ્રયત્નની સખત જરૂર છે. તે કોઈ ધાર્મિક પરંપરા નથી કે નથી કોઈ સાંસ્કૃતિક પરંપરાનું આચરણ.

જે યોગ્યતાની શ્રી અરવિન્દ અપેક્ષા રાખે છે તે યોગમાં યશસ્વી થવા માટેની જ છે, અન્ય કોઈ હેતુની તે શરતો હોતી નથી.

શ્રી અરવિન્દની દૃષ્ટિએ શિષ્યમાં નીચેની પાત્રતા જરૂરી છે :

૧ શ્રી અરવિન્દ જે અતિમનસ સત્યને નીચે અવતરણ કરાવવા માગે છે તે માટે જરૂરી સાધના કરવાનો શાંત, દૃઢ, ટકાઉ, વિવેકપૂર્ણ સંકલ્પ.

૨ આ યોગમાં જે ડગલે ને પગલે યોગીને માર્ગદર્શન મળે છે તે ઊર્ધ્વમાંનો દિવ્ય પ્રકાશ હોય છે, જેમાંથી તેને દર્શનો, શ્રવણો, પ્રેરણાઓ દ્વારા પોતાની મેળે માર્ગદર્શન મળતું હોય છે. તે માટે જરૂરી જે ઊર્ધ્વ ચેતના પ્રતિ ઉઘાડ જોઈએ તે તેવા ઉઘાડ સાથે કોઈ મહત્વાકાંક્ષા કે અપેક્ષા જોડાયેલી ન જોઈએ. તે તદ્દન નિરપેક્ષ ઉઘાડ જોઈએ.

૩ તેનામાં દિવ્ય-શક્તિ પોતે જ યોગ કરી રહી છે એવી શ્રદ્ધા હોવી જરૂરી છે. યોગીએ તો તેની ગતિ અને દિશામાં સંમતિ જ પૂરાવતા જવાનું છે. તેને નિયંત્રિત કરી પોતાની સમજણ મુજબ વાળવાની હોતી નથી. જગન્માતા જ તેમને આંતિરક માર્ગદર્શન આપતાં હોય છે.

૪ અંતે, સમજો તે જગન્માતાનું માર્ગદર્શન ન મેળવી શકતો હોય અથવા તે સમજવામાં મુશ્કેલી અનુભવતો હોય તો તેણે શ્રી અરવિન્દ ઉપર પૂર્ણ શ્રદ્ધા રાખી તેમનું માર્ગદર્શન લઈ તે મુજબ જ સાધના આગળ વધારવાની છે.


## શ્રી માતાજીના જન્મદિન નિમિત્તે ખાસ ઓફર

**શ્રી માનસિંહ ચાવડા લિખિત શ્રી અરવિન્દ અને શ્રી માતાજીના સાહિત્ય ઉપરનાં બધાં જ પુસ્તકો ઉપર ૧ ફેબ્રુઆરી થી ૩૧ માર્ચ ૨૦૧૫ દરમિયાન જે પણ ઑડર આપશે તેમને ૩૦% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. તેમજ તેનો પોસ્ટેજ ખર્ચ મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર રાજકોટ ભોગવશે.**

**- ટ્રસ્ટીશ્રીઓ - મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ**

# યોગ પર દીપ્તિઓ -શ્રી અરવિન્દ

## નવજન્મ

અવતરણો
(ભાગ-૧, પ્રકરણ ૩ પર આધારિત)
પ્રકરણ - ૪૭

**સમજૂતી – કમલેશ માંડવિયા**

- બુદ્ધિની અવ્યવસ્થિત પ્રવૃત્તિને પણ શાંત પાડવાની જરૂર છે..... સત્ય જ્ઞાન..... અવિદ્યામાં થતી પ્રવૃત્તિઓનું સ્થાન લે અથવા તેનું રૂપાંતર કરે તેને માટે એક પ્રકારની મુક્તિ આવશ્યક છે..... પૃ.૪૪
- અંતરાત્મા યાને ચૈત્યપુરુષ દિવ્ય સત્ય જોડે સીધેસીધો સંપર્કમાં હોય છે. પૃ.૪૪
- પરંતુ માનવમાં મન, પ્રાણ અને શરીરની પ્રકૃતિથી એ ચૈત્યપુરુષ ઢંકાયેલો હોય છે..... પૃ.૪૪
- ..... અંતરાત્માની સાચી શક્તિ જે બહિર્મુખ ચેતનાની પાછળ છે..... જો ચૈત્ય પ્રકૃત્તિ આગળ પડીને નેતાપણું ગ્રહણ કરે નહિ, તો સાધકે કરવાનું ખરેખરું કાર્ય થતું જ નથી એમ સમજવું. પૃ.૪૪
- માનસિક ચેતના પોતાની મેળે ઊર્ધ્વ મનોમય પ્રદેશો પ્રત્યે ખુલ્લી થઈ શકે છે. પૃ.૪૪
- પરંતુ એવાં..... મનમાં પણ વિજ્ઞાનમય સત્યને પોતાની પ્રતિષ્ઠા જમાવવા માટે પૂરતો પાયો મળી રહેતો નથી. પૃ.૪૪-૪૫
- ..... મનોમય, પ્રાણમય અને અન્નમય પ્રકૃતિમાંથી શુદ્ધ ચૈત્યમય ચેતનામાં સાધકનો નવજન્મ થાય તો જ આ યોગ થઈ શકે. પૃ.૪૫
- ભગવતી માના નવજન્મ પામેલા શિશુ રૂપ થવાની સાધકની અનિચ્છા હશે તો

સાધનામાં નિષ્ફળતા મળશે. પૃ.૪૫

* * * *

બુદ્ધિથી પર જવું, ચૈત્યપુરુષનું અગ્રભાગે આવવું અને તે દ્વારા માં ભગવતીના દિવ્ય-શિશુ તરીકે નવજન્મ લેવો તેની પ્રક્રિયાઓ શ્રી અરવિન્દ સમજાવી રહ્યાં છે.

બુદ્ધિની અને પ્રાણની અવ્યવસ્થિત પ્રવૃતિઓની જગ્યાએ સત્ય-જ્ઞાન અને સાચી સમજણ આવવાથી સાધકને સમજાય છે કે સાધનામાં ચૈત્યપુરુષનું અગ્રભાગે આવવું આવશ્યક છે. કારણકે તેના વિના પૂર્ણયોગની સાચી સાધના કે કાર્ય શરૂ જ નથી થતાં.

યોગસાધના દ્વારા સાધક બુદ્ધિમાં, મનમાં, પ્રાણમાં કે સ્થૂળ દેહમાં પણ જ્ઞાનનો પ્રકાશ લઈ આવી શકે છે. પરંતુ તે સાધનામાં જો ચૈત્યપુરુષ અગ્રભાગે નહિ હોય તો આ કેવળ સામાન્ય કે ઉપરછલ્લી જ બની રહે છે. આ સ્થિતિમાં સાધકની પ્રકૃતિનું શુદ્ધિકરણ થયેલું હોતું જ નથી અને તેથી જ સાધક એક પ્રકારની સપાટી પરની અવસ્થાઓમાં જીવતો હોય છે અને માને છે કે તે સાધના કરી રહ્યો છે અને તે દ્વારા પોતે વિકાસ પણ કરે અને પ્રભુનું કાર્ય પણ કરે છે. આ એક પ્રકારની ભ્રમણા જ હોય છે.

સાધનો દ્વારા સાધના અને સમ્રાટ દ્વારા સાધનામાં ફર્ક છે. સાધનો એટલે મન, બુદ્ધિ, પ્રાણ અને શરીર તે દરેક પોતાની ચેતનાની કક્ષાનુસાર જ્ઞાનના પ્રકાશને પોતાનામાં બોલાવીને સ્થાયી કરી શકે છે. પરતુ આ પ્રક્રિયા કાં તો ક્ષણિક હોય છે અથવા તો અહંકારથી પ્રેરિત હોય. અહંકાર અગ્રભાગે હોય છે અથવા તો છુપાઈને પડદા પાછળથી સાધકની જાણ બહાર પોતાના કાર્યો પાર પાડતો હોય છે. આ પ્રકારની સાધના પોલી, ઉપરછલ્લી અને પ્રભુના દિવ્ય સંકલ્પ પ્રગટાવવામાં નિષ્ફળ જાય છે.

જ્યારે સમ્રાટ એટલે કે માનવમાં પરમ-પ્રભુનો દિવ્ય અંશ એ તો આ ઉપરછલ્લા વ્યવહારોથી પર છે અને તે સીધે સીધો મા ભગવતીની દિવ્ય ચેતનામાંથી કાર્ય કરતો હોય છે. નિમ્ન પ્રકૃત્તિના રૂપાંતર માટે સાધકે દરેક

સાધનને આ ચૈત્યપુરુષને સમર્પિત કરવાના છે, અને તે દ્વારા વિજ્ઞાનમય ચેતનાને સમર્પિત થવાનું છે.  શ્રી અરવિન્દ જણાવે છે કે આ ચૈત્ય-ચેતના સાધકમાંની બાહ્ય અર્થાત સપાટી પરની ચેતનાની પાછળ આવેલી હોય છે અને તે નિમ્ન પ્રકૃત્તિના અવિદ્યા અને અજ્ઞાનમય વાદળોથી ઢંકાયેલી હોય છે. તેથી સાધક આ એક જ ચૈત્ય - ચેતનાને અનુસરતો થાય છે, જેથી આ ચૈત્ય - ચેતનાનો સંપર્ક થઈ શકે. જ્યારે સાધક આ એક જ ચૈત્ય - ચેતનાને અનુસરતો થાય છે ત્યારે ચૈત્યપુરુષ ધીરે - ધીરે પોતાનું સામ્રાજ્ય ફેલાવીને પ્રથમ કરણોની શુદ્ધિ અને ત્યારબાદ દિવ્યતા લઈ આવે છે. આ પ્રકારનો વિકાસ એક સર્વાંગી અને દિવ્ય વિકાસ હોય છે જેમાં સાધક અનુભવે છે કે તેનો નૂતન જન્મ થઈ રહ્યો છે. મા ભગવતીના નવજાત બાળક તરીકે સાધક જન્મ લે છે. આ નવજન્મ બાદ જ સાધકના દિવ્ય સંકલ્પનું સાચું કાર્ય શરૂ થાય છે અને મા ભગવતી જ સાધકને પ્રભુ કાર્યમાં સીધે સીધા દોરતા હોય છે. જેમ જેમ સાધકની પ્રકૃતિ શુદ્ધ અને ત્યારબાદ દિવ્ય થતી જાય છે તેમ તેમ મા ભગવતી જ સાધકમાં પોતાનાં દ્વારા આ સાધના રૂપી યજ્ઞનો આરંભ કરે છે અને પ્રભુનું એક નિરંતર કાર્ય અને નિજાનંદ સાધકમાં અહર્નિશ લઈ આવે છે. દિવ્ય હાજરી, પ્રકાશ અને દિવ્યાનંદમાં સાધક જાણે કે હંમેશને માટે જીવતો થાય છે..... સાવિત્રી મહાકાવ્યમાં જણાવ્યાં મુજબ Everlasting Day ની શરૂઆત થાય છે.....

આ જ પ્રક્રિયાનું સાવિત્રીમાં શ્રી અરવિન્દ સુંદર રીતે વર્ણન કરતા કહે છે :

This is the appearance in our mortal front;
Our greater truth of being lies behind:
Our consciousness is cosmic and immense,
But only when we break through Matter's wall
In that spiritual vastness can we stand
Where we can live the masters of our world
And mind is only a means and body a tool.
(Savitri, Page : 542-543)

# સાંજના વાર્તાલાપો

- શ્રી અંબુભાઈ પુરાણી

## શાંત - ચેતના

(૧૫-૮-૨૪) (પૃ.૨૩૨-૨૩૩)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

શિષ્ય : હું તમારી સાધના વિષે પૂછવા માગતો હતો. તમારો જવાબ હશે શાંત-ચેતનામાં જઈ જવાબ મેળવો. મુશ્કેલી એ છે કે શાંત-ચેતનામાં ગયા પછી પણ તમારી સાધનાનો તબક્કો અમે સમજી શકતા નથી. અમારે સાધના વિષે જાણવું છે.

શ્રી અરવિન્દ : હું એટલું જ કહી શકું છું કે મારે વારંવાર તે જ વસ્તુ કરવી પડે છે ફક્ત હું તે પહેલાં કરતાં વધારે સારી રીતે કરું છું એટલું જ.

શિષ્ય : તેથી અમને આશ્વાસન મળે છે, કારણ અમને લાગે છે અમારે આમ વારંવાર કરવું પડે છે કારણ અમારી પ્રકૃત્તિ યોગને જાણે લાયક નથી.

શ્રી અરવિન્દ : મને લાગ્યું હું કોઈ નવી જ વાત તમને કહી રહ્યો છું. (હસતાં હસતાં) જુઓ શારીરિક સ્તર બહુ જક્કી હોય છે. તે સુધારો કરવા માગતું જ નથી. તેથી તેની ઉપર વિગતવાર ફરી કાર્ય કરવું પડે છે. અને છતાં દર વખતે નવી જ મુશ્કેલી આવે છે. તે તમે તે પછીના પ્રયત્નમાં હલ કરીને કાર્ય કરવાનું હોય છે. મનોમય અને પ્રાણમય ભૂમિકાની વાત અલગ હતી. ત્યાં ઉચ્ચતર શક્તિનું અવતરણ અને સ્થાયી થવું સહેલું છે. એક સર્વસાધારણ રીત મુજબ કરવાથી તે સિદ્ધ થાય છે. પણ

શારીરિકમાં દર વખતે રીતમાં સુધારો કરતાં જ જવા પડે છે અને છતાં શારીરિક તો નવો જ પડકાર ઊભો કરી સિદ્ધિને નકારે છે. તેથી હું કહું છું ત્યાં જાણે અથક પૂનરાવર્તન જ થતાં લાગે છે.

શિષ્ય : ઉચ્ચત્તર શાંતિ શારીરિકમાં સ્થાયી થઈ તેનાં લક્ષણો કયાં?

શ્રી અરવિન્દ : આંશિક ક્ષેત્રમાં શાંતિ કે સમગ્ર ક્ષેત્રમાં?

શિષ્ય : સમગ્ર શારીરિક ક્ષેત્રમાં.

શ્રી અરવિન્દ : તેવી સમગ્ર શરીરમાં શાંતિ પ્રસ્થાપિત થાય તે પહેલાં તમારે શારીરિકના દરેક ક્ષેત્રમાં સભાન બનવું પડે છે.

શિષ્ય : પણ તે કેવી રીતે?

શ્રી અરવિન્દ : જેવી રીતે મનમાં અથવા પ્રાણમાં સભાન બનો છો તેવી જ રીતે. તેને લીધે શરીર પોતાની અલગ શારીરિક - ચેતના વિષે સભાન બને છે. તે શારીરિક - ચેતના સમગ્ર શરીર અને કોષે કોષ બાબત તદ્દન એકાગ્ર અને સભાન બને છે, ત્યારે જ નક્કર શાંતિની સ્થાપનાની શરૂઆત થાય છે. તે વખતની પ્રગાઢ શાંતિના શારીરિક સંવેદનો તમે સ્પષ્ટ રીતે અનુભવો છો. તે શાંતિ સઘન અને અવિચળ જણાય છે.


## માનવંતા ગ્રાહકોને વિનંતી

આપે સહજસત્સંગનું લવાજમ ન ભર્યું હોય તો તત્કાળ ભરી દેવા વિનંતી. આપનો પ્રભુકાર્યમાંનો આ સહકાર એ આપની આ જીવન - યજ્ઞમાંની ભક્તિભાવ-પૂર્ણ આહૂતિ છે. એ આપનો સહયોગ છે.

નફો કરવો એ અમારો હેતૂ મદ્દલે નથી. પણ આ જ્ઞાનયજ્ઞ ચાલુ રહે એવી અભિપ્સા છે. - તંત્રી મંડળ

## વેદવિજ્ઞાન
- માનસિંહ ચાવડા

# ગૌણ દેવતાઓ

પ્રકરણ - ૧૬

૧ ઋત્વિજ :

ઋત્વિજ એટલે યજ્ઞ કરાવનારા. તેમના સાત મુખ્ય પ્રકાર પાડેલાં છે હોતા, પોતા, નેષ્ટા, આગ્નીધ્ર, પ્રશાસ્તા, અધ્વર્યુ અને બ્રહ્મા. આ બધાં પ્રકારો ખરેખર અગ્નિ સ્વરૂપ ગણીને વર્ણવેલ છે (તવાગ્ને હોત્રં તવ..... ચાસિ ગૃહપતિશ્વનો દમે (ઋ ૨-૧-૨)

ઋચાઓનું ગાન કરનાર હોતા, સોમયાગ કરનારાને પોતા, નેષ્ટા અને બ્રહ્મા કહે છે. બ્રહ્માને જ બ્રાહ્મણારછંસી (બધાં બ્રાહ્મણો ઉપર છવાએલો) પણ કહે છે. અધ્વર્યુંનો મદદનીશ આગ્નીધ્ર (અગ્નિ, પ્રકાશના ધ્યાનને ધારણ કરી રાખનાર) પ્રાર્થના અને દિક્‌બંધન મંત્રો જપનાર અધ્વર્યું હોય છે. પ્રાસંગિક આમંત્રણથી મંત્રો બોલનારાને પ્રશાસ્તા, સામગાન કરનારને ઉદ્‌ગાતા, પ્રસ્તોતા અને પ્રતિહર્તા કહે છે. ઉદ્ગાતા યજમાનની મનોકામના વર્ણવે છે. પ્રસ્તોતા તે પૂરી કરવાનો પ્રસ્તાવ મૂકે છે. પ્રતિહર્તા તે કાર્યમાંની મુશ્કેલીઓ નિવારવા વિનવે છે.

આ બધાં જ દિવ્યકર્મ કરવામાં સહભાગી હોવાથી દેવ જ છે. યજમાનને પણ દેવ ગણે છે.

૨ ક્ષેત્રપતિ :

આના બે અર્થ છે ખેતરનો માલિક જે ખેતરમાં યજ્ઞ થઈ રહ્યો છે તે. બીજો અર્થ ક્ષેત્રપાલ અથવા સ્થાન દેવતા. તેઓ કલ્યાણ કરે તેવી પ્રાર્થના કરેલી છે ક્ષેત્રસ્ય પતિસ્તુ શંભુઃ (ઋ ૭-૩૫-૧૦) અર્થાત્ સ્થાનદેવતા સંતોષ પામો.

૩ સીતાદેવી :

હળની અણીથી ખેતરમાં જે ચીલો અંકાય તેને સંસ્કૃતમાં સીતા કહે છે ખેતર ખેડતી વખતે સીતાદેવીની સ્તુતિ કરવામાં આવે છે. સુભગે ભવ સીતે વંદામહે ત્વા (ઋ ૪-૫૭-૬) અર્થાત્ અમારી પ્રકૃત્તિરૂપી ખેતરમાં અમે આધ્યાત્મિક સંસ્કારો વાવીએ છીએ તે શુભ નીવડે.

૪ સસર્પરીવિદ્યા :

સસર્પરી આ વાક્દેવતાનું ખાસ સ્વરૂપ છે. તેમને સૂર્યના પુત્રી કહ્યાં છે તેમાં બ્રાહ્મશક્તિ ગાયત્રી કે સૂર્યશક્તિ સાવિત્રીના અનુભૂતિનાં ભાવપૂર્ણ ઉદ્ગારો હોય છે. તસ્મૈ બ્રહ્મીં તું સૌરીંવા નામ્ના વાચં સર્સપરીમ્ (બૃહ. ૪-૧૧૩) જ્યારે જોશપૂર્ણ શબ્દો સરી પડે છે આવા સરી પડેલાં શબ્દોને સર્સપરીમ્ કહે છે. આ બાબતની કથા એવી છે કે રાજા સુદાસના યજ્ઞમાં વશિષ્ટ પુત્ર શક્તિએ મંત્રશક્તિથી વિશ્વામિત્ર જે તે યજ્ઞના મુખ્ય અધ્વર્યું હતાં તેમને બેભાન કરી દીધાં. તે વખતે ત્યાં હાજર જમદાગ્નિના વંશજોએ આ સર્સપરી વાણીથી બ્રાહ્મશક્તિ ગાયત્રી અને સાવિત્રીનું (સૌર શક્તિને) આવાહન કરીને વિશ્વામિત્રને શુદ્ધિમાં લાવેલા અને સુદાસનો યજ્ઞ નિર્વિઘ્ને પાર પાડેલો.

(પૃ.૪૬ ઉપરથી) **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો**

૪ શરીરના કોષો જ્યારે પ્રભુની દિવ્ય હાજરી અને તેની સંકલ્પ શક્તિમાં શ્રદ્ધા રાખીને, જે થાય છે તે તેમના ભલા માટે જ, એવો ભાવ ધારણ કરે છે ત્યારે તેઓ તેજોમય વિસ્તાર અનુભવી આંતરિક-આનંદ પ્રગટ કરતા થાય છે.

આમાંની છેલ્લી અવસ્થા તો અનુભવ વગર નહિ સમજાય પણ પહેલી ત્રણ સમજાય એવી છે અને વ્યવહારમાં મૂકાય એવી છે.

ડૉકટરો જણાવે છે કે શરીરને નાનપણથી સહનશીલ બની જવાનું શીખવવામાં આવે તો તે ફક્ત વેદનાની તીવ્રતા જ ઘટાડતું નથી પણ રોગપ્રતિકાર શક્તિને વધારે સક્રિય કરીને રોગ નિવારણ પણ કરે છે.

શરીરની અનંત શક્તિઓ છે જેની આપણને ખબર જ નથી પણ ઉત્ક્રાંતિમાં તેમને વિકસાવવી જરૂરી છે.

## ધી મધર્સ એજન્ડા

(મૂળ પુસ્તક : Mind of cells - by Satprem તેના પર આધારિત) **પરમસિદ્ધિનો પંથ**

- માનસિંહ ચાવડા

# કોષોનાં પોતાનાં અનુભવો

પ્રકરણ - ૧૧

**સમજૂતી** - માનસિંહ ચાવડા

Last night I had a series of fantastic experiences - cellular experiences - which I don't even understand and which must be the beginning of a new revealation... It's indescribable ! You see, you become a forest, a rever, a moutain, a house - and all that is a sensation of THE BODY, a perfect concrete sensation of the body. - 1963-108

માતાજીની ચેતના શારીરિક - કોષોમાં સભાન બની છે - જાગૃત્ત બની છે. દરેક કોષના પોતાના અનુભવ હોય છે. પોતાની વિકાસની દિશા હોય છે. હાલમાં જે શારીરિક કોષો મારા શરીરના અંશ છે તે હાલમાં મારાં અનુભવોમાં સહભાગી થાય છે. મારું શરીર અગણિત શારીરિક - કોષોનું જાણે એક રાષ્ટ્ર છે અને જેમ રાષ્ટ્રને આવતા અનુભવો - આનંદના કે દુઃખના - બધાં જ તે રાષ્ટ્રના દરેક નાગરિકના અનુભવો બની જાય છે. તે, તે અનુભવો પોતાના ગણે છે. તેમ મારાં શરીરનાં સર્વ શારીરિક - કોષો શરીરરૂપી રાષ્ટ્રના નાગરિક છે - રહેવાસી છે. મારી ચેતના એ તેમની સામૂહિક ચેતના છે. આ સામૂહિક - ચેતનાના અનુભવો તેમને પોતાનાં લાગે છે.

દરેક વ્યક્તિ આ રીતે અસંખ્ય સામૂહિક ચેતનાના અંશ બનીને અનુભવો લેતો હોય છે કુટુંબ, શેરી, ગામ, રાજ્ય, દેશ, પૃથ્વી અને આપણું સૂર્યકુળ અથવા ક્લબ, એસોસિએશન, ગ્રુપ, ધર્મ, સંપ્રદાય, જ્ઞાતિ સમૂહ આ બધાં જ સામૂહિક ચેતનાનાં જ પ્રકાર છે.

કોષો આજે મારાં શરીરના સદસ્યો હોવાથી તે મારી ચેતનાને સામૂહિક- ચેતના સ્વીકારી તે મુજબ એકરૂપતા અનુભવે છે. જેમ વ્યક્તિ પોતાની ચેતનાને વિશાલ રાષ્ટ્રીય સામૂહિક - ચેતનાસાથે એકરૂપ કરીને અનુભવોમાં સહભાગી થાય છે. તેમ મારાં કોષો પણ મારી - ચેતના સાથે એકરૂપ થાય છે અને અનુભવો લે છે. મારી - ચેતના તેમને માટે એક રાષ્ટ્રીય - ચેતના જ છે. હું તેમના માટે રાષ્ટ્રીય - પુરુષ જ છું. જે સંબંધ મારો ભારત - માતા સાથે છે તે જ સંબંધ મારા શારીરિક કોષોનો મારી ચેતના સાથે છે.

મારાં શરીરના આ કોષો આજે મારા શરીરનાં નાગરિક છે પણ ભૂતકાળમાં તેઓ બીજા ભૂતકાલિન શરીરોનાં કે પ્રાણીઓનાં શરીરનાં નાગરિક હતાં. અને તેમની સામૂહિક - ચેતના મારફત અનુભવો લેતાં હતાં.

જેમ હું વિવિધ જન્મો લઈને ઉત્ક્રાંત થયો છું તેમ મારાં કોષો પણ વિવિધ વ્યક્તિ કે વસ્તુઓના અંશ બનીને જન્મ્યાં છે અને મરણ પામ્યાં છે. અને આ પ્રક્રિયા દ્વારા ઉત્ક્રાંત થયાં છે. આ ભૂતકાલિન જીવનનાં સંસ્મરણો અને સ્મૃતિઓ જેમ મારામાં ગુપ્ત રીતે પડેલાં છે તેમ આ કોષોમાં પણ પડેલાં છે.

માતાજીની ચેતના ‘અણિમા’ શક્તિથી શારીરિક - કોષોમાં પ્રવેશતા જ કોષોમાં તેમના ભૂતકાળના અનુભવો જાગૃત થવા લાગ્યાં અને તેથી તેઓ જંગલ, નદી, પર્વત, ઘર સાથેનો તાદાત્મ્યભાવ દર્શાવવા લાગ્યાં.

એક જ વખતે આ રીતે શરીરના અસંખ્ય કોષોમાં જાગૃત્ત થવાથી અને એક જ સમયે કોષોના સંસ્મરણો જાગૃત્ત થઈને માતાજીની ચેતનામાં છાપ પાડવાથી એક જ કેમેરાના એક જ રોલ ઉપર અસંખ્ય તસ્વીરો ખીંચાવાથી જેવું દૃશ્ય સર્જાય છે એવી મનોવસ્થા માતાજીની થઈ છે. માતાજી પોતાની અનુભૂતિ જણાવતાં લખે છે -

It's a curious thing..... the eyesight is totally different from physical vision - you see indifferently thousands of miles away and up close - 1963 - 268

There is no longer "something seeing" but I am numerous things I LIVE numerous things - 1972 - 268

એક જ વખતે અસંખ્ય કોષોના અનુભવો સાથે એકરૂપ થઈને જે દર્શન થાય છે તેનું માતાજી વર્ણન કરે છે. તેમાંનું દર્શન એ આ ભૌતિક આંખનું નથી. તે આંખ હજારો માઈલ આઘેની વસ્તુ જોઈ શકે છે.

આ કોષોના અનુભવોમાં સહભાગી થવાની અનુભૂતિ છે.

# યોગનાં મૂળ તત્ત્વો

- શ્રી અરવિન્દ

## કેટલાક સ્પષ્ટિકરણો

પ્રકરણ - ૧૪ (પૃ. ૫૩-૫૬)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૦૧ **શું ધાર્મિક પ્રવૃત્તિઓ, વાંચન, પૂજા, અભિપ્સાને પ્રગટ કરે છે ? ઊર્ધ્વ સત્યને પામવા શું તે સહાયભૂત છે ?**

ધાર્મિક પ્રવૃત્તિઓ, વાંચન, પૂજા કયા ભાવ અને વલણથી કરો છો તેના ઉપર તેનો આધાર રહે છે. તેની પાછળ ફક્ત શક્તિ મેળવવાનો જ ભાવ હોય અને તેનો ઉપયોગ ભૌતિક જીવનની સુવિધામાં કરવાનો હોય તો તેનો આધ્યાત્મિક ઉપયોગ નથી, કારણ અસુરો આ જ વસ્તુ કરે છે.

૨ **પવિત્ર સ્થળોની તીર્થયાત્રા અને અનેક દેવિ-દેવતાઓની ભક્તિનું શું કોઈ આધ્યાત્મિક મૂલ્ય છે ?**

આ બધું આધ્યામિક જીવનના પૂર્વ તૈયારીરૂપ બની શકે. બાકી ઊર્ધ્વસત્યનો તેની સાથે સંબંધ નથી.

૩ **વૈષ્ણવોના સંકીર્તન જેવી પ્રવૃત્તિની આધ્યામિક ઉપયોગિતા કેટલી ?**

તેથી પ્રાણમય તત્ત્વમાં ભક્તિભાવ સંચરે છે.

૪ **કુટુંબની એક વ્યક્તિને સાક્ષાત્કાર થતા તેના બધાં જ કુટુંબિઓને મુક્તિ મળી જાય છે. આ માન્યતામાં તથ્ય કેટલું ?**

આ માન્યતાનો કોઈ અર્થ નથી. સંગને કારણે કુટુંબિઓ અધ્યાત્મ તરફ વળવાની શક્યતા માત્ર છે. છતાં દરેક વ્યક્તિની પોતાની નિયતિ હોય છે. તે અનુસાર જ તેણે તે કુટુંબમાં જન્મ લીધેલો હોય છે.

**૫ શ્રી રામકૃષ્ણની શ્રદ્ધા હતી કે એક વખત સાંભળેલું પ્રભુનું નામ જન્મજન્માંતરે પણ તેમાં આધ્યાત્મિક પરિવર્તન અચૂક લઈ આવે છે આમાં સત્ય કેટલું ?**

અસૂરોએ પ્રભુના નામ સાંભળવા છતાં તેઓનું રૂપાંતર થયું નથી. પ્રભુનું નામ એક વખત સાંભળવાથી આધ્યાત્મિક પરિવર્તન શક્ય નથી. તેની નિયતિ હોય તો જ તે પરિણામ કરે છે, અન્યથા ઉંદરને સિંહ તરીકે બનાવવાનો પ્રયત્નથી તે સિંહ બનવાની શક્યતા હોતી નથી.

**૬ દુન્યવી જીવનમાં જ રચ્યાં પચ્યાં રહેનારા સંકટ નિવારણ કરવા માટે જ પ્રભુને સ્મરે તો શું તે તેમને આધ્યાત્મિક - જીવન આપે ?**

દરેક માનવમાં આધ્યાત્મિક - જીવન જીવવાની શક્યતા બીજ સ્વરૂપે રહેલી જ છે. પણ તેની નિયતિ તેમાં નિમિત્ત બની તેને અધ્યાત્મ તરફ વાળતી હોય છે.

**૭ જો દરેક પ્રભુ તરફ વળવાની શક્યતા છે તો પછી મુશ્કેલીઓ વેઠી સાધના કરવાની જરૂર શી ?**

બધાંમાં રહેલી શક્યતાને વાસ્તવિક કરવાં સાધનાની જરૂર છે જ. સાધના તે શક્યતાને વહેલી વાસ્તવિકતા આપે છે.

**૮ સામાન્ય લોકોના જીવનમાં તેઓ મુશ્કેલીમાં હોય ત્યારે તેમનાં પોકારને કારણે પ્રભુ કૃપા તેમને મદદ કરી પાછી અલોપ થઈ જાય છે. શું આ જ દિવ્ય-કરુણાની કાર્ય પદ્ધતિ છે ?**

દિવ્યકરુણાની બે કાર્યપદ્ધતિ છે. એકમાં તે દરેકના કર્માનુસાર નિયતિનુસાર વૈશ્વિક-સંકલ્પને આધિન રહી કાય કરે છે. આ પ્રક્રિયા ધીમીગતિની હોવાથી દિવ્ય-કરૂણાનું કાર્ય ધ્યાનમાં આવતું નથી. બીજી પદ્ધતિમાં પ્રભુની સંનિષ્ઠાથી ખોજ કરનારને આ દિવ્યકૃપા સતત મદદ કરી તેનો વિકાસ વેગથી કરે છે. આ કાર્ય સભાન સાધક અનુભવે છે. આ પણ નિયતિનો પ્રકાર છે. પ્રભુની કરુણા તો બધે જ છે, સર્વકાળ સર્વ માટે કાર્ય કરતી જ હોય છે. દિવ્યકૃપા ફક્ત સંનિષ્ઠ સાધકોમાં જ કાર્ય કરે છે.

## શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો
- શ્રી માતાજી

# પરમાનંદનો વિકાસ (૯૩)

પ્રકરણ - ૫૩
(માતૃવાણી ભા.-૧૦ - પૃ.૧૯૩-૧૯૫)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**વેદના એ આપણી મા ભગવતીનો સ્પર્શ છે અને એ દ્વારા તે, આપણે મહાઆનંદને કેવી રીતે ઝીલવો અને તેમાં કેવી રીતે વૃદ્ધિ પામવી એ આપણને શીખવે છે. એના શિક્ષણની ત્રણ અવસ્થાઓ છે. પહેલી છે તિતિક્ષા, તે પછી છે આત્માની સમતા અને છેલ્લી છે પરમાનંદ (૯૩)**

નૈતિક બાબતની વ્યથા આપણને નૈતિક પ્રગતિમાં મદદ કરે છે એ વાત તો સ્પષ્ટ છે. વ્યથાને કેવી રીતે જોવી અને સ્વીકારવી એ વસ્તુ મહત્ત્વની છે. તેના ચાર પગથિયાં છે.

૧ ડૉકટરો જણાવે છે કે શરીરને જો વધારે સહનશીલ બનાવીએ તો તેમાં ગૂંચવણો ઓછી થાય છે. સ્વસ્થ રહી માંદગીની પીડા ભોગવનારાઓનો ઈલાજ ગભરાઈને કાગારોળ કરી મૂકનાર કરતા સહેલાઈથી થાય છે.

૨ શારીરિક પીડામાં જો ભય અને ચિંતાનું તત્ત્વ ન ઉમેરીએ તો તેની સહનશીલતા વધી જાય છે. મન જ આ તત્ત્વો ઉમેરે છે. એક વખત શરીર સ્વીકારી લે કે તેણે વેદનામાંથી ભય, ચિંતા વગર જ પસાર થવાનું છે કે તરત વેદનાની તીક્ષ્ણતા ઘટવા માંડે છે.

૩ તમે જો સાથે સાથે આંતરિક સ્વસ્થતા પણ કેળવેલી હશે તો તે કસોટીમાંથી જવાનો આનંદ પણ તમને પ્રાપ્ત થશે. તેમાં તમે આરામ, નિશ્ચિંતતા અનુભવશો.

(અનુ.પૃ.૪૧ ઉપર)

# સ્વામીભક્ત સેનાપતિ

પ્રકરણ - ૨૫

કંચનપુરી નગરીના સીમમાં કાગડાઓના રાજા અને રાણી રહે. એક દિવસે ચણ શોધતાં બન્ને રાજાનાં રસોડા ઉપર આવી બેઠાં. ત્યાં રાજાનો જમવાનો થાળ લઈ જતો રસોઈઓ જોયો, થાળમાં માછલાં જોઈ કાગરાણીને માછલાં ખાવાની ઈચ્છા થઈ. પણ કડક જાપ્તો. તેથી ફાવ્યા નહિ.

કાગડાઓનાં સેનાપતિને વાત જાણવામાં આવી. તેણે કાગરાણીને વચન આપ્યું કે આજે તેમને ભોજનમાં માછલાં જરૂર મળશે.

તે સૈનિકો સાથે ઉપડયો રાજાનાં રસોડા તરફ. સૈનિકોને સમજાવ્યું રસોઈઓ નીકળે એટલે તે તેને ચાંચો મારીને થાળ નીચે પાડશે. સૈનિકોએ ઝપટથી થાળમાંના વેરાએલાં માછલાં વીણી રાણીને પહોંચાડવા.

તે મુજબ કરવામાં આવ્યું. રાણીને ભાવતા ભોજન મળ્યાં. પણ આમાં સેનાપતિ રાજાનાં સૈનિકોનાં હાથમાં પકડાઈ ગયો. તેને રાજા પાસે હાજર કરવામાં આવ્યો.

‘‘રાજાએ પૂછ્યું, તે મારો થાળ શા માટે પછાડ્યો ?’’

સેનાપતિ બોલ્યો, ‘‘મહારાજ મેં કાગરાણીને માછલાંનું ભોજન કરાવવાનું વચન આપેલું. હું સ્વામી ભક્ત છું, આપ જે શિક્ષા કરશો તે મને મંજૂર છે.’’

રાજા તેની સ્વામીનિષ્ઠાથી પ્રસન્ન થયો. તેને મુક્ત કર્યો અને રોજ રાજાનો થાળ કરતા પહેલા કાગડાઓને જમાડવાની આજ્ઞા કરી.

# પ્રાસંગિક

- હર્ષદ ઠકરાર

## જન્મદિન - દર્શનદિન

- શ્રી માતાજી

(૨૧ ફેબ્રુઆરી)

જે કોઈ સાધકો શ્રી અરવિન્દનાં પૂર્ણયોગ સાથે જોડાયેલાં છે તે સર્વે સાધકો ૨૧ ફેબ્રુઆરી શ્રી માતાજીના જન્મદિનને દર્શનદિન તરીકે ઉજવે છે. દર્શનદિન કેવી રીતે ઉજવવો જોઈએ તે સમજાવતા શ્રી માતાજી જણાવે છે કે જે સામાન્ય જ્ઞાન છે તેનાં કરતાં વધુ સત્ય એવા જ્ઞાનની શોધમાં સાધકે દર્શનદિન પસાર કરવો જોઈએ. સામાન્ય જ્ઞાનમાં જૂઠાણું પણ સામેલ હોય છે. આથી જૂઠાણા અને સત્ય જ્ઞાનનો તફાવત સમજાવતા શ્રી માતાજી જણાવે છે :

''જૂઠાણું પોતાની સાથે ચંચળતા, શંકા, શોક, વિસંવાદ, સ્વાર્થ, સંકુચિતતા, જડતા, નિરુત્સાહ અને નિરાશા લાવે છે અથવા નિર્માણ કરે છે.

પરમાત્માનો સત્યપ્રકાશ પોતાની સાથે શાંતિ, શ્રદ્ધા, આનંદ, સંવાદ, વિશાળતા, એકતા અને ઊર્ધ્વલક્ષી વિકાસ લાવે છે અથવા નિર્માણ કરે છે.''

- શ્રી માતાજી

સત્યજ્ઞાનમાં દિવસ કેવી રીતે પસાર કરવો, એ સાધકને પ્રશ્ન થાય છે. સત્યજ્ઞાનમાં દિવસ પસાર કરવો એટલે સાધકે ચિંતન મનન કરવાનું છે કે પરમાત્માએ આ જગતનું સર્જન કયાં હેતુ માટે કર્યું છે ? આ હેતુ જાણ્યા પછી તે હેતુ કેવી રીતે સિદ્ધ કરવો ? જીવનનો હેતુ અને તેની સિદ્ધિ વિષે શ્રી માતાજી જણાવે છે :

Life is meant for seeking the Divine,
Lifs is realised when finding the Divine." - The Mother

''જીવન છે પ્રભુને શોધવા માટે,
જીવન સિદ્ધ બને છે પ્રભુ મળે છે ત્યારે.'' - શ્રી માતાજી

પ્રભુને શોધવા માટે સાધકે સાધના કરવી પડે. સાધના માટે સાધકે સંસારનો ત્યાગ કરી જંગલમાં જઈ એકાંતમાં દુઃખો વેઠી શરીરને કષ્ટ આપવું નથી. પરંતુ

સાધના એટલે માનવ અત્યારે પશુ તુલ્ય જીવન જીવે છે તેમાંથી મુક્ત થઈ દિવ્ય જીવન પ્રત્યેની ગતિ. દિવ્ય જીવન પ્રત્યે જવા માટે શ્રી અરિવન્દ જણાવે છે :

''તમે ઘેર રહ્યા રહ્યા તેમ જ મારું કામ કરતા રહીને પણ સાધના અવશ્ય કરી શકો છો, ઘણા એમ કરે છે. શરૂઆતમાં માત્ર એટલું જ કરવાનું રહે છે કે જેટલું બની શકે તેટલું શ્રી માતાજીનું સ્મરણ કરતાં રહો, હરરોજ થોડીવાર હ્રદયની અંદર શ્રી માતાજીનું સ્મરણ કરતા રહો, બની શકે તો શ્રી માતાજી મા ભગવતી છે એ રીતે તેમનો વિચાર કરતા રહો. તમારી અંદર શ્રી માતાજી છે એ રીતની અનુભૂતિ મેળવવા માટે અભિપ્સા કરો, તમારા કાર્યો તેમને અર્પણ કરો અને એવી પ્રાર્થના કરો કે તેઓ તમને અંદરથી માર્ગદર્શન આપતા રહે તથા સહાય આપતા રહે. સાધનાની આ પ્રાથમિક અવસ્થા છે અને તે બહું લાંબી ચાલે છે. પરંતુ સાધક જો સાચા દિલથી અને મક્કમપણે એ અવસ્થાને પૂરી સિદ્ધ કરી લે છે તો પછી ધીરે - ધીરે તેનું માનસ એક પલટો લેતું થાય છે, તેનામાં એક નવી ચેતના ખૂલે છે, અને એ ચેતનાને અંતઃકરણમાં રહેલી હાજરી વિશે વધુને વધુ ભાવ રહેવાં લાગે છે, પ્રકૃત્તિમાં અને જીવનમાં શ્રી માતાજી કઈ રીતે કામ કરી રહેલા છે તે તેને સમજવા લાગે છે, યા તો કોઈ બીજો આધ્યાત્મિક અનુભવ મળી આવે છે અને તે સાક્ષાત્કારની દિશાનો માર્ગ ખોલી આપે છે.''

(શ્રી માતાજી દિવ્યસ્વરૂપઃ પૃ.૫૮) - શ્રી અરવિન્દ

સામાન્ય પણે સાધકને દર્શન, અનુભૂતિ અને સાક્ષાત્કાર વચ્ચે શું તફાવત છે તેની સમજ હોતી નથી. દર્શન, અનુભૂતિ અને સાક્ષાત્કારના તફાવત જણાવતા શ્રી અરવિન્દ સમજાવે છે :

''તમે જ્યારે પ્રકાશ જુઓ છો એ દર્શન હોય છે, તમે જ્યારે અનુભવો છો કે એ પ્રકાશ તમારી અંદર પ્રવેશી રહ્યો છે, તો એ અનુભૂતિ છે, અને એ પ્રકાશ તમારી અંદર પ્રસ્થાપિત થઈ જાય છે અને ત્યાં એ બોધ અને જ્ઞાન પ્રગટાવે છે, ત્યારે એ સાક્ષાત્કાર થયો કહેવાય. સાધક સામાન્યતઃ દર્શનને જ અનુભૂતિ સમજવા લાગે છે. આમ થવાનું કારણ એ છે કે માનવનો અહંકાર કામ કરતો હોય છે. માનવ દર્શનને અનુભૂતિ સમજી લેતો હોય તો માનવ વિકાસ પામતો નથી. સાધકની આ અવસ્થા સમજવા માટે એક કવિની પંકિત, ''ગાગર કોરી રે

ઊંડા પાણીની'' મદદરૂપ થાય છે.

ઊંડા પાણીમાં ગાગર કોરી ક્યારે હોય જ્યારે ગાગરનું મોઢું ઢંકાયેલું હોય. જો માનવનું મન અહંકારથી ઢંકાયેલું હોય તો પરમ ચેતનામાં હોવા છતાં પરમ ચેતનાની અનુભૂતિ અને સાક્ષાત્કાર પ્રાપ્ત કરી શકતો નથી.

સાક્ષાત્કાર પ્રાપ્ત કરવા માટે સાધકે સૌ પ્રથમ પોતાના અહંકારનો ત્યાગ કરવો પડે છે.

શ્રી અરવિન્દે સમજાવ્યા મુજબ સાધકે પોતાના હૃદયમાં પરમ ચેતનાનો સાક્ષાત્કાર પ્રસ્થાપિત કરવાનો છે. સાધકના હૃદયમાં સાક્ષાત્કાર પ્રસ્થાપિત થવાથી પણ સાધકે પરમ પ્રભુની પ્રાપ્તિ કરી લીધી છે તે સિદ્ધ થતું નથી.


સાધકના અંતઃકરણમાં પરમ ચેતનાનો પ્રભાવ પ્રસ્થાપિત થવાથી સાધક અનુભવે છે કે તેના જીવનનું સંચાલન સાધકની અપરાપ્રકૃત્તિ કરતી નથી પરંતુ પરમ પ્રભુની પરાપ્રકૃતિ સંચાલન કરે છે. પરાપ્રકૃતિ સાધકના જીવનનું સંચાલન કરતી હોવાથી સાધક દિવ્યજીવન જીવવાની શરૂઆત કરે છે.

દિવ્યજીવન જીવતો સાધક પોતાના જીવનની પ્રગતિ દ્વારા તેની મંજીલનું ગંતવ્ય સ્થાન પરમ પ્રભુની પ્રાપ્તિ સિદ્ધ કરે એ અને પરમ પ્રભુ સાથે એકરૂપ થઈ જાય છે. જે રીતે નદીનું પાણી સમુદ્ર સાથે એકરૂપ થઈ ગયાં પછી નદીના પાણી તરીકે અલગ અસ્તિત્વ ધરાવતું નથી, તે રીતે માનવ એક વાર પરમ પ્રભુ સાથે ઐકય સિદ્ધ કરે છે ત્યારબાદ માનવનું અલગ અસ્તિત્વ રહેતું નથી. પરંતુ માનવનું દિવ્ય અસ્તિત્વ પરમ પ્રભુની જ અભિવ્યક્ત કરે છે.

આ રીતે સાધક શ્રી માતાજીની શક્તિના અવતરણથી પરમ પ્રભુની શોધ અને તેની પ્રાપ્તિને સિદ્ધ કરે છે.

શ્રી માતાજીના જન્મદિન - દર્શનદિન નિમિત્તે કરુણામય માને પ્રાર્થના કે આપણે સૌ પરમ પ્રભુને શોધીને તેની સાથે એકરૂપ થઈ જઈએ. તે માટે શ્રી માતાજી તરફથી જ્ઞાન, પ્રકાશ અને પ્રેરણા પ્રાપ્તિ થાય.

ૐ શાંતિ...... શાંતિ..... શાંતિ.....



# શ્રી અરવિંદ

- The universal strengths were linked with his;
- He drew the energies that transmute an age.
- He made great dreams a mould for coming

Shri Auribindo (Savitri - B-1, C-3, P.-45)

## પ્રથમ ચૈતસિક રૂપાંતરના પરિણામ

વૈશ્વિક શક્તિઓને વહેણ મળ્યું, અનુકૂળ અશ્વપતી રૂપ,
તેમાં તે ઠલવાતી રહે, જાણે મહાસાગર બન્યો સરૂપ.
વિશ્વશક્તિઓ વપરાતી હતી, અજ્ઞાની જગતે વ્યર્થ,
પણ હવે તેમને સાચું ધ્યેય મળ્યું, પ્રથમવાર આ યુગે સમર્થ.
અશ્વપતીને દર્શન થયું, ભાવિ ઉત્ક્રાંતિની રીત,
તે મુજબ સ્વપ્ના સેવીને, તે બન્યો પ્રભુનું નિમિત્ત.

Registration of News Paper No. GUJGUJ/2013/48361 Postal Reg. No. RAJKOT-303/2015-2017
Price : Rs. 15/- Annaul Subscription : Rs. 150/- 1st of Every Month at Rajkot RMS - Langauge : GUJARATI

# સહગાન



અબુધ અમે સહુ પંખીડા, આવ્યા તવ શરણે,
ઊંચી અટારીએથી આવીને, મા વેરે યોગ-ચણ હેતે.

તેના પ્રેમ - અમીનાં સીંચને, મુક્ત થયા આ જીવને,
પ્રીતથી ગાતા સહુ સદા, ન થાકતા કોઈ ક્ષણે.

સહગાન અમ તણું માત, ધરો તમે તવ હૃદયે,
આંગળી અમારી ન છોડતા, કદાપિ કોઈ જીવને.

ભટકાઈ જશું ભવાટવિ મહિ, નહિ પથ કે ધ્યેય રહે,
દિશાશૂન્ય, ટંડેલ વિના, અમ નાવ વમળે ફરે.

આર્તભાવે પોકારતા, નહિ પોકાર વાંઝીયો રહે,
એ અમ હૃદયની ખાતરી, ઝાંઝવાના જળ ન બને.

આપણે નહિ જાણતા, એ કરૂણામયીની રીત,
ન આપણને ગતાગમ પડે, એ અજ્ઞેયની હંમેશા જીત.

**ઈન્ટરનેટ ઉપર રાજકોટ કેન્દ્રનાં પ્રકાશનો**

**સહજ સત્સંગ માસિક**
www.motherandsriaurobindo.org>E-Library>Magazines>SahajSatsang(Gujarati)
www.aurogujarat.com>Journals & Ebooks>Sahaj Satsang

**પુસ્તકો**
www.motherandsriaurobindo.org>centers>India>Gujarat>Rajkot

E-mail ID : sahajsatsang@gmail.com

સહજ સત્સંગ (માસિક) તંત્રી : માનસિંહ કે. ચાવડા, પ્રકાશક : કમલેશ સી. માંડવીયા, મુદ્રક : લલિત એચ. ઉપાધ્યાય, માલિક : મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ, પ્રકાશન સ્થાન : સહજ સત્સંગ કાર્યાલય, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫ ગુજરાત, મુદ્રણ સ્થાન : લા મેર પ્રિન્ટરી, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫. ગુજરાત